ઉત્તરરૂપ

ભરતખંડનો સરળ ઇતિહાસ.

(ધોરણ છઠ્ઠા માટે)

રચનાર.

મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય.

બુકસેલર—પેટલાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય.

બુકસેલર—પેટલાદ.

આ "સત્યનારાયણ" પ્રિન્ટીંગ પ્રેસમાં પા. મોતીલાલ કાળીદાસે છાપી. ઠે.—[illegible]—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. નકલ ૧૫૦૦.

સંવત ૧૯૭૩ સન ૧૯૧૭.

કીંમત રૂ. ૦-૩-૦.

જથ્થાબંધ લેનારને સારૂં કમીશન આપવામાં આવશે.

ધોરણ છઠ્ઠા માટે પ્રશ્નોત્તર રૂપે

ભરતખંડનો સરળ ઇતિહાસ.

કંપનીઓની હકીકત.

પ્ર૦ યુરોપિઅન પ્રજાને હિંદમાં આવવાનું કારણ કહો.

ઉ૦ હિંદુસ્તાનની દોલતથી મોહ પામી તેમજ હિંદુસ્તાનનો માલ યુરોપમાં મોંઘો વેચાતો હોવાથી યુરોપિઅન પ્રજાને હિંદ સાથે બારોબાર વેપાર કરવાનો વિચાર થયો. આ દેશની શોધમાં સ્પેનના રાજાની મદદથી કોલંબસે ઇ. સ. ૧૪૯૨ માં અમેરિકા શોધી કાઢ્યો. તેમાં સ્પેનના રાજાને ઘણો લાભ થયો. તેથી પોર્ટુગલના રાજાએ હિંદની શોધખોળ માટે જુદા જુદા વહાણવટીઓને મોકલ્યા, તેમાંનો વાસ્કોડીગામા ઇ. સ. ૧૪૯૮ માં પહેલવહેલો કાલીકટ બંદરે ઉતર્યો, અને આ દેશ સાથે પહેલવહેલો પોર્ટુગીઝોએ વેપાર શરૂ કર્યો ત્યારપછી વલંદા, અંગ્રેજ, ફ્રેંચ વગેરે પ્રજાઓ આવી.

પ્ર૦ પોર્ટુગીઝોની હિંદની તવારિખમાં જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ તે લોકોનો પહેલો સરદાર વાસ્કોડીગામા હિંદમાં આવ્યો, પણ આરબ અને મુર વેપારીઓની ખટપટને લીધે કાલીકટના રાજા ઝામોરીન સાથે અણબનાવ થયો, તેથી પહેલી સફરમાં તેઓએ તેવો લાભ મેળવી શક્યા નહિ. ફરીથી ઇ. સ. ૧૫૦૨ માં આવી કોચીન અને કાનાનોરના રાજા સાથે મળી ઝામોરીનને હરાવ્યો. ત્રીજી સફર તેણે ૧૫૨૪ માં કરી. તે

ઈ. સ. ૧૫૨૪ માં કોચીનમાં મરણ પામ્યો. તેની પૂંઠે સરદારો તેમણે વેપારની સાથે રાજ્ય મેળવવાનો આરંભ કર્યો. તેનો બંદોબસ્ત કરવા માટે **આલ્મેડાને** ૧૫૦૩ માં અને ૧૫૧૦ માં **આલ્બુકર્કને** ગવર્નર તરીકે મોકલ્યા.

પ્ર૦ પોર્ટુગીઝ પ્રજાની પડતી થવાનાં કારણ કહો.

ઉ૦ તેમણે જીતાએલી હિંદી પ્રજા ઉપર ધર્મને બહાને જુલમ કર્યો. તથા બીજી જે યુરોપિઅન પ્રજા વેપાર કરવા આવી તેમનાપર અદેખાઈ કરી. ફક્ત આલ્બુકર્ક એકલાએજ પોતાના તાબાની હિંદુ તથા મુસલમાન પ્રજાને સુખ આપ્યું. હાલમાં હિંદમાં તેમને તાબે દીવ, દમણ અને ગોવા એ ત્રણ સંસ્થાન છે.

પ્ર૦ વલંદા લોકોની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ આ લોકોનો હોટમાન સરદાર ઈ. સ. ૧૫૯૪ માં હિંદમાં આવ્યો. તેમણે ચિન્સુરા, મછલીપટ્ટણ ને બાલાસોરમાં પોતાની વખાર નાખી વેપાર ચાલુ કર્યો. તેમનો હિંદ કરતાં મસાલાના દ્વીપોમાં વધારે વેપાર ચાલતો હતો. મસાલાના દ્વીપોમાં અંગ્રેજ પ્રજાની સાથે અણબનાવ થયો, અને તેમણે ૧૬૨૩ માં આંબોયનામાં ૯ અંગ્રેજોને તેમના નોકર ચાકરો સાથે માર્યા તેથી તે બાબત કેટલાક પૈસા આપી અંગ્રેજોનું મન મેળવી પોતે હિંદનો વેપાર છોડી દઈ મસાલાના દ્વીપોમાં વેપાર ચલાવવા લાગ્યા. તેમનું મુખ્ય સ્થાન ચિન્સુરામાં હતું તે ઈ. સ. ૧૭૫૯ માં કલાઈવે લઈ લીધું. હાલમાં હિંદમાં તેમનું એકે થાણું નથી.

પ્ર૦ અંગ્રેજોના વેપાર સંબંધી જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ હિંદ સાથે વેપાર ચલાવવા પહેલવહેલી ઈંગ્લાંડમાં રાણી ઈલિઝાબેથના સમયમાં ઈ. સ. ૧૬૦૦ માં "ઈસ્ટઈંડીઆ"

કંપની ઉભી થઈ. તે સમયમાં હિંદમાં પોર્ટુગીઝ અને વલંદાની સત્તા બળવાન હતી. ઇ. સ. ૧૬૧૫ માં સર ટામસેને જહાંગીર બાદશાહના દરબારમાં કંપનીને વેપાર સંબંધી હક અપાવવા મોકલ્યો હતો. આ પ્રજાએ પોતાની વખાર સુરતમાં નાખી વેપાર શરૂ કર્યો, પણ શિવાજીએ ઇ. સ. ૧૬૬૩ અને ૧૬૭૦ માં સુરત લુંટયું તેથી તેઓ પોતાની વખાર મુંબાઇમાં લઇ ગયા. વળી ઇ. સ. ૧૬૩૯ માં ચંદ્રગીરીના રાજા પાસેથી જમીન વેચાણ રાખી ફોર્ટ સેંટજ્યોર્જ (મદ્રાસ) વસાવી પૂર્વ કિનારે વેપાર ચલાવવા લાગ્યા. ઇ. સ. ૧૭૦૦ માં સુટાન્ટી, ગોવિંદપુર અને કલકત્તા (ફોર્ટ સેંટવિલિયમ) આજીમ પાસેથી વેચાણ રાખી બંગાળામાં વખારો નાખી. આ પ્રજાની ૧૬૫૦, ૧૬૫૫, ૧૬૯૮ માં બીજી કંપનીઓ ઉભી થઇ પણ આગળ જતાં ઇ. સ. ૧૭૦૯ માં તે બધી જોડાઈ જઇ "યુનાઇટેડ ઇસ્ટ ઇંડીઆ કંપની" ના નામથી વેપાર ચલાવવા લાગી. તે વખતે બીજી યુરોપિઅન પ્રજા કરતાં ફ્રેંચ પ્રજા અંગ્રેજ વેપારીઓ સાથે વધારે હરિફાઇ કરતી હતી. વેપારની ચડસાચડસીમાંથી બન્ને પ્રજા રાજ્યની ચડસાચડસી કરવા લાગી માંહોમાંહે લડી, તેમાં આખરે ફ્રેંચો પરાજય પામ્યા અને અંગ્રેજો વિજયી થયા અને હિંદ સામ્રાજ્યના માલીક બન્યા.

પ્ર૦ ફ્રેંચ પ્રજાની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ આ લોકોની ઇ. સ. ૧૬૦૪ માં પહેલવહેલી કંપની ઉભી થઇ ત્યારપછી ૧૬૧૧-૧૫-૪૨-૪૪ માં બીજી કંપનીઓ ઉભી થઇ પણ તે બધી ઇ. સ. ૧૭૧૯ માં જોડાઇ ગઇ. તેમનાં વેપારનાં મુખ્ય સ્થાન પાંડીચેરી, કારીકલ, યાનાન, માહિમ,

અને ચંદ્રનગર હતાં. આ પાંચ થાણાં ઇ. સ. ૧૭૬૧ ની સંધિથી હજુ પણ તેમના કબજામાં છે. આ લોકો ઇ. સ. ૧૭૯૬ થી વેપાર કરતા બંધ થયા.

પ્ર૦ આ પ્રજાઓ સિવાય બીજી કઇ પ્રજાઓએ હિંદ સાથે વેપાર ચલાવ્યો ?

ઉ૦ ડેન લોકોની ઇ. સ. ૧૬૧૨ અને ૧૬૭૦ માં બે કંપનીઓ થઇ. તેમણે ત્રાંકવીબાર, શ્રીરામપુર અને પોર્ટોનોવોમાં પોતાની વખારો કરી. તે થાણાં ઇ. સ. ૧૮૪૫ માં અંગ્રેજોએ વેચાતા લીધાં. ઇ. સ. ૧૭૨૩ માં ઓસ્ટેન્ડ શહેરમાં કંપની ઉભી થઇ પણ તેણે ઇ. સ. ૧૭૮૪ માં દેવાળવું કાઢયું. સ્વીડનમાં ઉભી થએલી કંપનીએ હિંદ સાથે વેપાર ચલાવ્યોજ નથી. કેટલીક કંપનીઓ રાજાના નામથી વેપાર ચલાવતી તેથી રાજ્યના માલિક પણ રાજાજ ગણાતા. પણ અંગ્રેજ અને ફ્રેંચ કંપનીઓ પોતાના નામથી વેપાર ચલાવતી તેથી તે જે મુલક મેળવતા તે પોતાનો ગણાતો.

અંગ્રેજ અને ફ્રેંચ સત્તા.

દક્ષિણમાં અંગ્રેજ સત્તા.

પ્ર૦ હિંદમાં અંગ્રેજી રાજ્યની શરૂઆત થઇ તે વખતની હિંદની રાજકીય સ્થિતિની હકીકત કહો.

ઉ૦ હિંદમાં અંગ્રેજી રાજ્યનો અઢારમા સૈકાના મધ્ય ભાગે આરંભ થયો તે વખતે તેમનું મદ્રાસમાં અને ફ્રેંચોનું પાંડીચેરીમાં થાણું હતું. બન્ને પ્રજા કેટલોક વખત સંપથી રહી પણ પાછળથી

કુસંપ થતાં ફ્રેંચ સત્તા ભાંગી પડી અને અંગ્રેજો બળવાન થયા. ઔરંગઝેબના મરણ પછી દક્ષિણ સ્વતંત્ર થયો હતો. આ સમયે નિઝામ, કર્ણાટક, મહિસુર, ત્રિચીનાપલ્લી અને તંજાવર મુખ્ય રાજ્ય હતાં.

પ્ર૦ અંગ્રેજોને ફ્રેંચો સાથે કર્ણાટકનો પહેલો વિગ્રહ થયો તેની ટુંક હકીકત કહો.

ઉ૦ ફ્રેંચ અને અંગ્રેજ વચ્ચે યુરોપમાં લડાઇ થઈ તેથી હિંદમાં પણ આ બેઉ પ્રજા વચ્ચે લડાઇ થઇ. આ વખતે અંગ્રેજ સરદાર ક્લાઇવ અને ફ્રેંચ સરદાર ડુપ્લે હતા. ઇ. સ. ૧૭૪૬ માં લાબોર્ડોનેસ નામના ફ્રેંચ સરદારે અંગ્રેજોનું મદ્રાસ જીતી લીધું પણ લાબોર્ડોનેસે કેટલાક રૂપીઆ લઇ અંગ્રેજોને પાછું સોપ્યું તે વાત ડુપ્લેને ગમી નહિ. તેથી તેણે મદ્રાસ ફરીથી કબજે કરી અંગ્રેજોના ફોર્ટ સેંટડેવિડ કિલ્લા પર હલ્લો કર્યો, પણ અંગ્રેજોને નવી મદદ આવી પહોંચવાથી જીતાયું નહિ, અને ક્લાઇવ તથા લોરેન્સે નવી મદદને લઇ પાંડીચેરી પર હલ્લો કર્યો, પણ જીતાય તેવું નહિ લાગવાથી પાછા ફર્યા. આ વખતે તંજાવરની ગાદી માટે ભાઇઓ લડતા હતા તેમાંના એકને મદદ કરવાથી અંગ્રેજોને દેવીકોટા મળ્યું, ઇ. સ. ૧૭૪૮. પછી યુરોપમાં સલાહ થવાથી અહીં પણ લડાઇનો અંત આવ્યો. આ વિગ્રહ કર્ણાટકના પહેલા વિગ્રહના નામથી ઓળખાય છે તે ઇ. સ. ૧૭૪૬થી ૧૭૪૮ સુધી ચાલ્યો.

પ્ર૦ કર્ણાટકના બીજા વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ આ વિગ્રહ ઇ. સ. ૧૭૪૮ થી ઇ. સ. ૧૭૫૪ સુધી ચાલ્યો. અંગ્રેજ અને ફ્રેંચો પોતપોતાની સત્તા સ્થાપન કરવા માટે દેશી

રાજ્યોનો પક્ષ પકડી એક બીજા સાથે લડવા લાગ્યા. ૧૭૪૮ માં હૈદ્રાબાદનો નિજામ અને આર્કોટનો નવાબ મરણ પામતાં બન્ને ગાદીઓને માટે નવા હકદાર ઉભા કર્યા. નિજામ નાસીરજંગ સામે મુજફ્ફરજંગ અને આર્કોટના નવાબ અનવરૂદ્દીન સામે ચંદા સાહેબને ઉભો કર્યો. અંગ્રેજો નવાબ અનવરૂદ્દીનના પક્ષમાં હતા તેથી ફ્રેંચો નિજામ તથા ચંદા સાહેબે ઈ. સ. ૧૭૪૯ માં અંબુરની લડાઈમાં નવાબને માર્યો અને ચંદા સાહેબને આર્કોટની ગાદીએ બેસાડયો. ચંદા સાહેબે પાંડીચેરીની આજુબાજુનાં ૮૧ ગામ ફ્રેંચોને આપ્યાં. અનવરૂદ્દીનનો પુત્ર ત્રિચીનાપલ્લીમાં ભરાઈ બેઠો. ફ્રેંચ સરદાર બુસ્સીએ નવાબનો જીંજીગઢ જીતી લીધો, અને નિજામ નાસીરજંગને ત્રિચાનાપલી આગળ હરાવી મુજફ્ફરને ગાદી આપી, પણ મુજફ્ફરજંગને કોઈએ મારી નાખવાથી તેના ભાઈ સલાબતજંગને બુસ્સીએ ગાદીએ બેસાડયો. તેણે ફ્રેંચોને ઉત્તર સરકાર તથા મછલીપટ્ટણ આપ્યાં. આવી રીને દક્ષિણમાં ફ્રેંચ સત્તા મજબુત થઈ.

પ્ર૦ આર્કોટના ઘેરા વિષે શું જાણો છો ?

ઉ૦ ફ્રેંચોએ પોતાના પક્ષવાળાઓની સારી રીતે સેવા બજાવી પણ અંગ્રેજોને કંઈ કરી શકયા નહોતા. તેમનો મિત્ર દોસ્તઅલી ત્રિચીનાપલ્લીમાં ઘેરાયો હતો, તેથી ત્રિચીનાપલ્લીનો ઘેરો ઉઠાવરાવી દોસ્તઅલ્લીને છોડવવા વિચાર કરતા હતા. આ વખતે કંપનીના કારકુની કામમાંથી છુટો થઇ લશ્કરી ખાતામાં થોડા વખતથી દાખલ થએલા કલાઇવે ત્રિચીનાપલ્લીના ઘેરો ઉઠાવરાવવાની નવી યુક્તિ શોધી કાઢી. તેણે પોતાના ગુરુ લોરન્સને કહ્યું કે આપણે ચંદા સાહેબની રાજધાની આર્કોટને ઘેરો ઘાલીએ

તો ચંદા સાહેબ ત્યાંથી ઘેરો ઉઠાવી રાજધાનીનો બચાવ કરવા આવશે. આ યુક્તિ બધાઓને પસંદ પડવાથી ૨૦૦ ગોરા ને ૩૦૦ દેશી મળી ૫૦૦ માણસનું લશ્કર આપી કલાઇવને મોકલ્યો. કલાઇવે સહેલાઇથી અર્કોટ કબજે કર્યું. આ બાબતની ચંદા સાહેબને ખબર પડતાં પોતાના દીકરા રાજા સાહેબને ૧૦૦૦૦ માણસનું લશ્કર લઈ મોકલ્યો. તેણે શહેરને ૫૨ દિવસ ઘેરો ઘાલ્યો, પણ કંઈ વળ્યું નહિ. કલાઇવને નવી મદદ આવી પહોંચતાં તેણે રાજા સાહેબ સાથે લડાઇ જોડી તેમાં રાજાસાહેબ હાર્યો. ઇ. સ. ૧૭૫૧. કલાઇવે તેની પુઠ પકડી આર્ની, કાવેરે પાક, બાહુર વગેરે સ્થળોએ હરાવી તેના લશ્કરની પાયમાલી કરી. અંગ્રેજોની ચઢતી કરી અને નવાબ દોસ્તઅલ્લીને છુટો કર્યો. આ જીત થયા પછી અંગ્રેજોની ચઢતી થઇ અને ફ્રેંચોની પડતી સ્થિતિ થઈ. કલાઇવ ૧૭૫૨માં વિલાયત ગયો ત્યાં ઘણું માન પામ્યો. ફ્રેંચ સરદાર ડુપ્લેને ફ્રેંચ સરકારે પાછો બોલાવી લીધો. ઇ. સ. ૧૭૫૪. તે ત્યાં અપમાન પામી ઇ. સ. ૧૭૬૩માં મરણ પામ્યો. તેની જગ્યાએ ગોડ્યુ નામના શાંત પ્રકૃતિના માણસને મોકલ્યો તેણે ઇ. સ. ૧૭૫૪માં અંગ્રેજો સાથે સલાહ કરી, પણ તે ઝાઝો વખત નહિ ટકતાં ફરીથી લડાઇ થઇ તે કર્ણાટકના ત્રીજા વિગ્રહ નામથી ઓળખાય છે.

પ્ર૦ કર્ણાટકના ત્રીજા વિગ્રહની ટૂંક હકીકત કહો.

ઉ૦ ફ્રેંચ ગવર્નર ગોડ્યુની જગાએ લાલી નામનો ફ્રેંચ સરદાર ગવર્નર થઇને આવ્યો તે અવિચારી ને ઉતાવળીઓ હતો. તેણે આવીને તરત જ સેંટ ડેવીડ કિલ્લો જીતી લીધો, ને અંગ્રેજોને હિંદમાંથી કાઢવા તજવીજ કરવા મંડ્યો. તેણે અવિચારથી નિ-

જામના રાજ્યમાંથી બુસ્સીને બોલાવી લઇ પોતાની સત્તા ઓછી કરી, અને અંગ્રેજો સાથેની લડાઇમાં વિજય મળ્યો નહિ. વાંદેવાસની લડાઈમાં ઇ. સ. ૧૭૬૦ માં સર આયરકુટે લાલી તથા બુસ્સીને હરાવ્યા, અને કર્નલફોર્ડે ઉત્તર સરકાર તથા મછલીપટ્ટણ જીતી લીધાં; ને સરકુટે જીંજી તથા પાંડીચેરી પણ જીતી લીધાં. છેવટે ૧૭૬૧ ની સલાહથી તેમને પાંચ થાણાં પાછાં આપ્યાં, જે હાલ પણ તેમના કબજામાં છે.

બંગાળામાં અંગ્રેજી સત્તા.

પ્ર૦ અંગ્રેજી અમલ સ્થપાતા પહેલાં બંગાળાની હકીકત કહો.

ઉ૦ મોગલાઇની પડતીના વખતમાં મુર્શિદકુલીખાંન નામના સરદારે બંગાળામાં સ્વતંત્ર રાજ્ય સ્થાપી મુર્શિદાબાદમાં પોતાની રાજધાની કરી. આ વખતે કાસીમ બજારમાં અંગ્રેજ, ફ્રેંચ અને વલંદાની વખારો હતી. અંગ્રેજો કલકત્તામાં, ફ્રેંચો ચંદ્રનગરમાં, અને વલંદા ચિન્સુરામાં મુખ્ય વેપારનું સ્થળ રાખતા હતા. આ નવાબ ઇ. સ. ૧૭૪૦ માં મરણ પામતાં તેની જગાએ અલીવર્દીખાં નવાબ થયો તેને અંગ્રેજો સાથે સારો મેળાપ હતો. મરાઠાના હુમલાથી અંગ્રેજી વખારોનું રક્ષણ થવા માટે કલકત્તાની આજુબાજુ ખાઇ ખોદવાની અંગ્રેજોને રજા આપી હતી. એની પછી એનો પૌત્ર સુરાજદૌલા ઇ. સ. ૧૭૫૬ માં નવાબ થયો તે ઉદ્ધત, મુર્ખ, અવિચારી હોઈ અંગ્રેજોની અદેખાઇ કરતો હતો.

પ્ર૦ આ નવાબને અંગ્રેજો સાથે દુશ્મનાવટ થવાનું કારણ કહો.

ઉ૦ નવાબની રૈયતમાંનો કીશનલાલ નામનો માણસ નવાબથી નારાજ થઇ અંગ્રેજોને આશ્રયે ગયો હતો તેને નવાબે પાછો માગ્યો તે આપ્યો નહિ. તથા કલકત્તામાં પોતાની કોઠીની આજુબાજુ કોટ બાંધતા હતા તે અટકાવવા નવાબે કહ્યું, પણ માન્યું નહિ. તેથી નવાબે ગુસ્સે થઇ અંગ્રેજી માલની હોડીઓ લુંટી. આ વખતે કેટલાક અંગ્રેજો નાશી છુટ્યા, પણ ૧૪૬ અંગ્રેજો પકડાયા તે બધાને પકડી લાવી એક અંધારી કોટડીમાં પુર્યા. તેમાં હવા અજવાળાની તાણને લીધે તેમજ ઉનાળાની સખત ગરમીથી તથા પાણી નહિ મળવાથી એક રાતમાં ૧૨૩ માણસ મરણ પામ્યા. ફક્ત ૨૩ માણસ અધમુઆં નીકળ્યાં. આ બનાવને "કલકત્તાના કારાગૃહ" નામથી ઓળખવામાં આવે છે.

પ્ર૦ આ વેર અંગ્રેજોએ કેવી રીતે વાળ્યું ?

ઉ૦ આ બાબતની મદ્રાસ ખબર પહોંચતાં ક્લાઇવ પગ રસ્તે અને વૉટસન દરિઆ રસ્તે કલકત્તે આવી પોંહોચ્યા અને કલકત્તા કબજે કર્યું. નવાબ ઉપર સ્વારી કરવા વિચાર કર્યો, પણ પોતે ફાવી શકીશું નહિ એમ સમજવાથી ક્લાઇવ નવી યુક્તિ શોધી કાઢી.

પ્ર૦ ક્લાઇવે નવાબનો પરાજય કરવા શો ઉપાય કર્યો ?

ઉ૦ નવાબનો સેનાપતિ મીરજાફર હતો તેને રાજ્ય આપવાની લાલચે નવાબના પક્ષમાંથી પોતાના પક્ષમાં લીધો. વળી નવાબની જુલમી રાજસત્તાથી કંટાળી જઇ જગત શેઠ, ખજાનચી રાયદુર્લભ વગેરે કેટલાક માણસો ક્લાઇવને આવી મળ્યા, અને મીરજાફરને ગાદી મળે તો અમુક રકમ કંપનીને આપવી. આ

ઠરાવ ચાલતો હતો તેવામાં નવાબનો દલાલ અમીચંદ આવી ચઢયો તેણે ઠરાવનું છાનું રાખવા માટે સેંકડે પાંચ ટકા દલાલીના માગ્યા. જે રકમ ત્રીસ લાખ રૂપીઆ જેટલી થતી હતી. કલાઇવે તેને જુઠો દસ્તાવેજ કરી શાન્ત પાડયો, અને પછીથી લડાઇનું કારણ ઉભું કરવા માટે ફ્રેંચોના ચંદ્રનગર ઉપર હલ્લો કરી તે શહેર લઇ લીધું. આથી નવાબે ગુસ્સે થઈ લડાઇ શરૂ કરી. બન્નેનાં લશ્કર પ્લાસીના મેદાનમાં એકઠાં થયા. ઇ. સ. ૧૭૫૭.

પ્ર૦ પ્લાસીના યુદ્ધનું વર્ણન કરો.

ઉ૦ નવાબ સુરાજદૌલા પાસે ૫૦ હજાર માણસનું લશ્કર અને ૫૦ તોપો હતી. કલાઇવ પાસે ફક્ત ત્રણ હજાર માણસ અને આઠ તોપો હતી. કલાઇવે પોતાને માટે ઊંચી અને ઝાડોની ઘટાવાળી જગા પસંદ કરી હતી. એવામાં માવઠું થવાથી નવાબનો દારૂગોળો પલળીને નકામો થયો, પણ કલાઇવનો દારૂ ગોળો પલળી ગયો નહિ. જે વખતે નવાબનાં માણસો ખાવા પીવા તથા નહાવા ધોવાની ખટપટમાં પડયાં હતાં તે વખતે કલાઇવે તેમના ઉપર ઓચીંતો છાપો માર્યો. નવાબના માણસો કેટલાક વખતમાં ગોઠવાઇ જઇ બહાદુરીથી લઢવા લાગ્યા પણ નવાબનો નિમકહલાલ સેનાપતિ મીરમદમદ મરાયો, અને મીરજાફર નિમકહરામ થઇ કલાઇવના પક્ષમાં ભળી ગયો તેથી નવાબનું સૈન્ય હાર્યું. નવાબ રણક્ષેત્રમાંથી નાશી ગયો તેને મીરજાફરના પુત્ર મીરાને પકડી મારી નાખ્યો, અને શરત મુજબ મીરજાફરને ગાદીએ બેસાડયો. ઇ. સ. ૧૭૫૭.

પ્ર૦ મીરજાફરના સમયની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ પ્રથમના ઠરાવ મુજબ મીરજાફર પોતાના મદદગાર અંગ્રેજ

અમલદારો તથા કંપનીને નાણાં આપવા ખજાનાની તપાસ કરી, પણ તે પૂરાં થાય તેટલાં ન હોવાથી દરેકે ભાગે પડતાં નાણાં લઈ સંતોષ માન્યો, અને નવાબે કંપનીને તેજ વખતે કલકત્તાની આજુબાજુની ૮૮૨ ચો. માઇલ જમીન આપી જે હાલ ચોવીસ પરગણાંના નામથી ઓળખાય છે. જે વખતે આ વહેંચણી ચાલતી હતી તે વખતે નાવબનો દલાલ અમીચંદ આવ્યો અને તેણે પોતાની રકમ માગી, પણ કલાઇવે જુઠો દસ્તાવેજ બતાવી એક પાઇ સરખા પણ આપી નહિ તેથી તે બિચારો ગાંડો થઇ મરણ પામ્યો.

પ્ર૦ કલાઇવ જમીનદાર કેવી રીતે બન્યો ?

ઉ૦ ઇ. સ. ૧૭૫૭માં મીરજાફરે કંપની ચોવીસ પરગણાની વસુલાત લેવાનો હક આપ્યો તે હક દિલ્હીના બાદશાહ શાહઆલમે ઇ. સ. ૧૭૫૯માં કલાઇવને બક્ષીસ કર્યો, તેથી કલાઇવ જમીનદાર થયો. આગળ જતાં આ બાબત ઈંગ્લાંડમાં વાંધો ઉઠતાં કલાઇવને તેના જીવનપર્યંતનો હક આપી પછીથી તેનો કબજો કંપનીએ લેવાનો ઠર્યો. આથી ઇ સ. ૧૭૭૪માં તે મુલક હંમેશને માટે કંપનીને મળ્યો.

પ્ર૦ મિરજાફરને પદભ્રષ્ટ કરવાનું કારણ કહો.

ઉ૦ મિરજાફર પાસેથી કંપનીના અમલદારો તેમજ કંપનીએ પુષ્કળ નાણાં કઢાવ્યાથી તેનો ખજાનો ખાલી થઇ ગયો, અને અંગ્રેજોનો દેવાદાર થયો તેથી તેણે હિંદમાંથી અંગ્રેજોને કાઢવા માટે વલંદાની મદદ માગી. આ ખબર કર્નલ ફોર્ડને મળતાંજ ઇ. સ. ૧૭૫૯ માં ચિન્સુરા ઉપર સ્વારી કરી તે સ્થળ કબજે કરી લીધું, મીરજાફર પોતાની ફોજનો પગાર પણ

પુરેપુરો ચુકવી શકતો નહિ તેથી તેને પદભ્રષ્ટ કરી નવાબની જગા તેના ધનવાન જમાઈ મીરકાસમને આપી ઇ. સ. ૧૭૬૦. મીરકાસમે ગાદી મળ્યા બદલ અંગ્રેજોને બરદ્વાવ, મેદનીપુર અને ચિતાગોંગ પરગણાં આપ્યાં.

પ્ર૦ ક્લાઇવ બંગાળાનો પહેલો ગવર્નર ક્યારે થયો અને વિલાયત જતા અગાઉ તેણે શાં શાં કામ કર્યાં.

ઉ૦ ક્લાઇવની હોંશીઆરી જોઇ કંપનીના ડિરેક્ટરોએ ઇ. સ. ૧૭૫૮માં તેને બંગાળાનો પહેલો ગવર્નર નીમ્યો. આ વખતે વલંદા, ફ્રેંચો અને દિલ્હીનો બાદશાહ શાહઆલમ જોર પર હતા. ક્લાઇવે પ્રથમ શાહઆલમને પટણા આગળ હરાવ્યો, અને કર્નલ ફોર્ડે ચિન્સુરા આગળ વલંદાને હરાવ્યા તથા ફ્રેંચોનું મચ્છલીપટ્ટણ લઇ લીધું. ક્લાઇવ ઇ. સ. ૧૭૬૦માં વિલાયત ગયો, ત્યાં તેને ઘણું માન મળ્યું.

પ્ર૦ નવાબ મિરકાસમના વખતની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ ઇ. સ. ૧૭૬૦થી ૧૭૬૩ સુધી રહ્યો. આ નવાબ ચતુર, હોંશીઆર અને રૈયતની દાઝ જાણનાર હતો. તેણે મુર્શિદાબાદમાંથી રાજધાની બદલી મોંગીર નામના નિર્ભય સ્થળમાં કરી અને સમરૂ નામના આર્મીનીઅન સરદારને રાખી પોતાનું લશ્કર કેળવવા લાગ્યો. તેણે લશ્કરને સારી રીતે કેળવી તૈયાર કર્યું. નવાબ સ્વતંત્ર થવાની ઇચ્છાવાળો હોવાથી અંગ્રેજો સાથે લડાઇ કરવાનું બાનું શોધવા લાગ્યો.

પ્ર૦ મિરકાસમને અંગ્રેજો સાથે લડાઇ થવાનું કારણ કહો.

ઉ૦ કંપનીના રાહદારી માલનું દાણ માફ હતું, પણ કેટલાક વખત

પછી કંપનીના નોકરો પણ દાણુ આપવા લાગ્યા નહિ તેથી નવાબની ઉપજને નુકશાન થવા લાગ્યું, વળી પોતાની રૈયતના વેપારીઓ પાસે દાણુ લેવાતું હોવાથી તેમનો માલ મોંઘો પડવાથી વેપારને ઘણું નુકશાન પહોંચવા લાગ્યું. આથી નવાબે ગુસ્સે થઇ રયૈતનું દાણુ માફ કર્યું અને કાસીમ બજારમાંની અંગ્રેજી માલની હોડીઓ લુટી આથી લડાઇ થઇ.

પ્ર૦ આ લડાઇનું શું પરિણામ આવ્યું ?

ઉ૦ અંગ્રેજોએ પ્રથમ પટણા પર સ્વારી કરી પટણા કબજે કર્યું, પણ પાછળથી મીરકાસમે જીતી લઇ તેમાં પકડાએલા ૨૦૦ અંગ્રેજોની કતલ કરાવી. ઇ. સ. ૧૭૬૩. પણ મેજર આદમ્સે તેને ઘેરીઆ અને ઉંધાનાળા આગળ હરાવી મીરજાફરને બીજી વાર ગાદી આપી. મીર કાસમ નાશીને અયોધ્યાના નવાબ સુજાઉદૌલા પાસે ગયો, ને કાગળ લખી દિલ્હીના પાદશાહ શાહઆલમની મદદ માગી. પછી ત્રણે જણાએ પટણા ઉપર સ્વારી કરી. પણ મેજરમનરોએ બકસર આગળ ઇ. સ. ૧૭૬૩માં હરાવ્યા તથા મેજર કર્નાકે કાલ્પી આગળ ઇ. સ. ૧૭૬૫માં સુજાઉદૌલાને હરાવ્યો. શાહઆલમ શરણે આવ્યો, અને મીર કાસમ નાશી ગયો.

પ્ર૦ ક્લાઇવે ફરીથી ગવર્નર તરીકે આવીને શાં શાં કામ કર્યાં ?

ઉ૦ ઇ. સ. ૧૭૬૫માં વિલાયતથી આવ્યો. તે વખતે મીરકાસમ વગેરેને હરાવી તાબે કર્યાં હતા. બુઢો મિરજાફર મરણ પામવાથી તેની જગા તેના પુત્ર નજીમઉદૌલાને આપી હતી. આ વખતે ક્લાઇવે અગત્યના કેટલાક સુધારા કર્યા. (૧) લશ્કરી નોકરોને બેવડું ભથ્થું મળતું હતું તે બંધ કર્યું. (૨) લડાઇના ખર્ચ બદલ

અયોધ્યાના નવાબ પાસેથી ૫૦ લાખ રૂપીઆ લઇ તેનો મુલક પાછો આપ્યો. (૩) કોરા અને અલ્હાબાદ પ્રાંત દિલ્હીના બાદશાહને પાછા આપ્યા. (૪) સરકારી નોકરોના પગાર વધારી લાંચ લેતા અટકાવ્યા. (૫) ૬૦ લાખ રૂપીઆ દિલ્હીના બાદશાહ શાહઆલમને તથા તેટલીજ રકમ બંગાળાના નવાબ નજીમ ઔદૌલાને આપવાની કરી બંગાળા, બહાર અને ઓઢીઆ પ્રાંતની વસુલાતનો હક કંપનીને અપાવ્યો.

પ્ર૦ કલાઇવની દ્વિરાજસત્તા પદ્ધતિ વિષે શું જાણો છો ?

ઉ૦ નવાબે વસુલાતનો હક કંપનીને આપી ફોજદારી હક પોતે રાખ્યો આથી કારભાર ચલાવવામાં ઘણી અડચણ પડવા લાગી તેથી નવાબને ૬૦ લાખનું પેન્સન બાંધી આપી ફોજદારી સત્તા પણ કંપનીએ લીધી. એ પ્રમાણે કલાઇવે બંગાળામાં બે અધિકાર (કંપની તેમજ નવાબનો) ચલાવેલા હોવાથી તે દ્વિરાજસત્તા પદ્ધતિ નામથી ઓળખાઇ.

પ્ર૦ કલાઇવે છેલ્લી વખતના ... ફેરા ૦૪ના અગાઉ કયા કયા સુધારા કર્યા ?

ઉ૦ (૧) કંપનીના નોકરો લાંચ લેતા હતા, તથા રૈયત ઉપર જુલમ કરતા હતા તે અટકાવી નોકરોના પગાર વધાર્યો. (૨) મુલ્કી અને લશ્કરી ખાતામાં સુધારો કર્યો. (૩) લશ્કરી સિપાઇઓને બેવડું ભથ્થું મળતું હતું તે બંધ કર્યું. આ સિવાય બીજા પણ કેટલાક સુધારા કરી આ અંગ્રેજી રાજ્ય સ્થાપક વીરનર ઇ. સ. ૧૭૬૭ માં સ્વદેશ ગયો, ત્યાં તેને ઘણું માન મળ્યું, તથા માન દાખલ રત્ન જડીત હાથાની તરવાર બક્ષીસ આપી, પણ તેના

કેટલાક દુશ્મનોએ ખોટા આરોપ મુક્યા તેની ઉપર કામ ચલાવ્યું તેમાં તે નિર્દોષ ઠર્યો, પણ છેવટે તે આપઘાત કરી ઇ. સ. ૧૭૭૪ માં મરણ પામ્યો.

મ્હૈસુરમાં અંગ્રેજી સત્તા.

પ્ર૦ અંગ્રેજોનો મ્હૈસુરમાં પગ પેસારો થતા પહેલાં ત્યાંની રાજ્યસ્થિતિનું વર્ણન કરો.

ઉ૦ મ્હૈસુરમાં કૃષ્ણરાવ નામે હિંદુ રાજા રાજ્ય કરતો હતો. તેને નંદરાજ નામે પ્રધાન હતો. રાજામાં રાજ્ય ચલાવવાની સત્તા નહિ હોવાથી રાજાને કેટલુંક વર્ષાસન આપવું કરી નંદરાજે રાજ્ય પોતાને કબજે લીધું. નંદરાજની ફોજમાં ફતેમહમદ નામનો નોકર હતો. તેને હૈદર અને શાબાઝઅલી નામના બે પુત્ર હતા. ફતેમહમદના મરણ પછી શાબાઝઅલી નોકરીમાં દાખલ થયો, અને પછીથી તેણે કેટલેક વખતે હૈદરને પણ નોકરીમાં દાખલ કરાવ્યો; તે બહાદુર, ચંચળ, પણ લુંટારો અને લુચ્ચો હતો. તે પોતાની હોંશીઆરીથી ઉંચી પાયરીએ ચઢ્યો, અને છેવટે નંદરાજને ગાદીએથી ઉઠાડી મૂકી મ્હૈસુરનો રાજા થયો ઇ. સ. ૧૭૬૧.

પ્ર૦ હૈદરના સમયની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ (૧) બેદનુર અને કાલીકટ વગેરે લુંટી ઘણું ધન એકઠું કર્યું.

(૨) એના ઉપર માધવરાવ પેશ્વાએ ૧૭૬૫–૬૭–૭૨ માં સ્વારીઓ કરી દંડ તરીકે પુષ્કળ નાણું મેળવ્યું.

(૩) અંગ્રેજી મુલકમાં લુંટફાટ ચલાવી માટે અંગ્રેજો સાથે તેને ૧૭૬૭ થી ૧૭૬૯ સુધી લડાઈ થઇ જે મ્હૈસુરી પહેલા વિગ્રહના નામથી ઓળખાય છે. તેમાં ચંગામ, ત્રિનોમાલી, અને અંબુર આગળ હાર થઈ, અને મદ્રાસ મુકામે સલાહ કરી.

(૪) અંગ્રેજોએ માહીમ આગળ તેનો કેટલોક મુલક દબાવ્યો, તેમજ હૈદર ઉપર મરાઠા ચઢી આવ્યા ત્યારે ઠરાવ મુજબ અંગ્રેજોએ તેને મદદ ન કરી તેથી લડાઇ થઇ. તે મ્હૈસુરી બીજા વિગ્રહના નામથી ઓળખાય છે. તેમાં પણ તેની હાર થઇ અને ચાલતા વિગ્રહે ઇ. સ. ૧૭૮૨ માં તેનું મરણ થયું. તેની પછી તેનો પુત્ર ટીપુ ગાદી ઉપર આવ્યો.

૫૦ ટીપુના વખતના જાણવા લાયક બનાવ કહો.

૫૦ (૧) હૈદરનો અધુરો મુકેલો મ્હૈસુરી બીજો વિગ્રહ જારી રાખ્યો, પણ તેમાં નહિ ફાવવાથી ઇ. સ. ૧૭૮૪ માં મેંગલોર મુકામે સલાહ કરી.

(૨) ૧૭૮૪ માં કુર્ગ અને કાનડા પર સ્વારી કરી ત્યાંના લાખ માણસને જબર જુલમથી મુસલમાન કર્યા.

(૩) ૧૭૮૮ માં મલબારના નાયર લોકોને પરાણે મુસલમાન કર્યા.

(૪) જે કોઇપણ માણસ અંગ્રેજનું માથું કાપી લાવે તેને દરેક માથા દીઠ પાંચ રૂપીઆ ઇનામ આપતો.

(૫) ટીપુએ અંગ્રેજના મિત્ર ત્રાવણકોરના રાજા પર વગર કારણે ચઢાઈ કરી તેથી મ્હૈસુરી ત્રીજો વિગ્રહ શરૂ થયો.

તે ઇ. સ. ૧૭૯૦ થી ૧૭૯૨ સુધી ચાલ્યો, તેમાં શીમોગા અરિકેરા ને શ્રીરંગપટ્ટણ આગળ ટીપુ હાર્યો ને શ્રીરંગપટ્ટણ આગળ ઇ. સ. ૧૭૯૨ માં સલાહ કરી.

(૬) ટીપુએ અંગ્રેજોને હિંદમાંથી કાઢવા માટે નેપોલીઅન બોનાપાર્ટ તથા કાબુલના બાદશાહ ઝમાનશાહની મદદ માગી તેથી લડાઇ થઇ. તે મ્હૈસુરી ચોથા વિગ્રહના નામથી ઓળખાય છે. ઇ. સ. ૧૭૯૯ માં ટીપુ રણમાં પડવાથી લડાઇનો અંત આવ્યો.

ગવર્નરો.

(૧) ક્લાઇવ........૧૭૫૮......૧૭૬૭......૯
(૨) હેરીવેરેલ્સ્ટ......૧૭૬૭......૧૭૬૯......૨
(૩) જોન કાર્ટિયર...૧૭૬૯......૧૭૭૨......૩
(૪) વૉર્ન હેસ્ટિંગ્સ...૧૭૭૨......૧૭૭૪......૨

પ્ર૦ હેરીવેરેલ્સ્ટના વખતમાં જાણવા લાયક બનાવ કહો.

ઉ૦ તેના વખતમાં હૈદર સાથે મ્હૈસુરી પહેલો વિગ્રહ થયો તે ઇ. સ. ૧૭૬૭ થી ૬૯ સુધી ચાલ્યો, તેમાં કર્નલસ્મીથે ચંગામ, ત્રિનોમાલી અને અંબુર આગળ હૈદરને હરાવ્યો તેથી હૈદરે ૧૭૬૯ માં મદ્રાસ મુકામે સલાહ કરી.

પ્ર૦ જોન કાર્ટિયરના વખતની જાણવાલાયક હકીકત કહો.

ઉ૦ અંગ્રેજ નોકરો રૈયત પર જુલમ કરતા. બંગાળામાં ભયંકર દુકાળ પડયો તેથી ત્યાંની વસ્તીનો ⅓ ભાગ મરણ પામ્યો.

પ્ર૦ વૉર્ન હેસ્ટીંગ્સના વખતમાં કયા બનાવ બન્યા ?

૩૦ એ કૌંસીલનો વડો મેમ્બર હતો. તે કલાઇવના જેવો હોંશીઆર હતો, પણ લડાઇના કામમાં તેની બરાબરી કરી શકે તેમ નહોતું. તે બંગાળાના કારાગ્રહમાં પકડાયો હતો. કલાઇવે અંગ્રેજી રાજ્યનો પાયો નાખ્યો, તેના ઉપર હેસ્ટિંગ્સે ઇમારત ચણી રાજ્યને આબાદ કર્યું. ન્યાય ને વસુલાતખાતાને જુદાં પાડી કલેકટરો અને જડ્જો નીમ્યા. તથા પોલીશ ખાતામાં સુધારો કર્યો. સને ૧૭૭૩માં હિંદના રાજ્ય વહીવટ માટે રેગ્યુલેટીંગ એક્ટ થયો તેથી ઇ. સ. ૧૭૭૪થી તેને ગવર્નર જનરલની સત્તા મળી.

ગવર્નર જનરલ.

હેસ્ટિંગ હાકેમ આવીઓ, તાંતેર કેરે વર્ષ;
જનરલ પદ પામ્યા પછી, ઉપન્યો ઉરમાં હર્ષ. ૧
કાર્નવાલ તે પછી હવો, જોરતશોર સરદાર;
વેલેસ્લી પછી આવીઓ, કાર્નવાલ બીજીવાર. ૨
કામ ચલાવ્યું કોટનું, બાર્લોએ બે વર્ષ;
મીન્ટો મોયરાની પછી, જનરલ આમરહરટ. ૩
વિલિયમ બેન્ટીક આકલાંડ, એલનબરો હાર્ડીંગ;
ડેલહૌસીના પછી હવો, શરો સર કેનીંગ. ૪
એલ્ગીન લારેન્સને, મેયો જનરલ સાર;
નોર્થબ્રુક લીટન પછી, રીપન છેલ્લી વાર. ૫
રીપન દીઠો રાજવી, સ્થાનીકનો દેનાર;
ડફ્રીન હાકેમની પછી, લેન્સડાઉન સરદાર. ૬
એલ્ગીન કર્ઝન પછી, મિન્ટો હાર્ડીંજ રાય;
ચેમ્સફર્ડ સાહેબ છે, ચાલે પૂર્ણ પ્રતાપ. ૭

વોર્ન હેસ્ટિંગ ૧૭૭૪-૧૭૮૫-૧૧.

પ્ર૦ આ ગવર્નર જનરલના વખતના મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) રેગ્યુલેટિંગ એકટ. (૨) નાણાં મેળવવાના અયોગ્ય કામ. (૩) મરેઠી પહેલો વિગ્રહ. (૪) મ્હૈસુરી બીજો વિગ્રહ. (૫) પીટ અને ફૉકસનું બીલ. (૬) ઇત્યાદિ.

પ્ર૦ રેગ્યુલેટિંગ ઍકટ વિષે શું જાણો છો ?

ઉ૦ હિંદની રાજયવ્યવસ્થા માટે વિલાયતની પાર્લામેન્ટમાં એક કાયદો મંજુર થયો તે રેગ્યુલેટિંગ ઍકટના નામથી પ્રસિદ્ધ છે તેમાં નીચે પ્રમાણેના ઠરાવ મંજુર કર્યા.

(૧) કંપનીએ દર વરસે ચાળીસ લાખ રૂપીઆ ભરવા.

(૨) કલકત્તાના ગવર્નરને ગવર્નર જનરલનો ઇલ્કાબ આપવો, અને તેણે મુંબાઈ તથા મદ્રાસના ગવર્નર પર અમલ ચલાવવો.

(૩) ગવર્નર જનરલને રાજયકારભારમાં સલાહ આપવાને ચાર સભાસદોની કૌંસીલ નીમાી.

(૪) કલકત્તામાં સદર અદાલત સ્થાપી એક મુખ્ય જડ્જ નીમી ત્રણ મદદગાર જડ્જો નીમવા.

(૫) જડ્જોની નીમનોક ઇંગ્લાંડનો રાજા કરે.

(૬) સરકારી અમલદારે કોઈપણ માણસ પાસેથી લાંચ અગર બક્ષીસ લેવી નહિ.

(૭) સરકારી નોકરોએ કોઇપણ જાતનો બીજો ધંધો કરવો નહિ.

પ્ર૦ નાણાં મેળવવા ક્યાં ક્યાં અયોગ્ય કામ કર્યાં ?

ઉ૦ કંપનીના ડિરેક્ટરોની નાણાંની ઉપરાઉપરી માગણીથી તેમજ તેના મદદગાર કૌંસીલરોમાંથી ફક્ત મી૦ બાર્વેલ સિવાયના બાકીના ત્રણ (મી૦ ફ્રાન્સિસ, જન૦ ક્લેવરીંગ, કર્નલ મોન્સન) સામા થવાથી તેને અયોગ્ય કામ કરવાં પડયાં તેથી તેનો અમલ નિંદાયો. અયોગ્ય કામો નીચે પ્રમાણે:—

(૧) બંગાળાના નવાબને ૬૦ લાખ રૂપીઆનું વર્ષાસન મળતું તેમાં ૪૪ લાખ રૂપીઆ આપવા કરી ૧૬ લાખ બચાવ્યા.

(૨) દિલ્હીના બાદશાહ શાહઆલમ પાસેથી કોરા અને અલ્હાબાદ પ્રાંત લઈ ૫૦ લાખ રૂપીઆ માટે અયોધ્યાના નવાબને વેચી દીધા.

(૩) બંગાળા, બહાર અને ઓઢીઆની સનંદ બદલ દર વર્ષે ૨૬ લાખ રૂપીઆ બાદશાહને આપવા પડતા તે બંધ કર્યા.

(૪) અયોધ્યાના નવાબ પાસેથી ૫૦ લાખ રૂપીઆ લઇ નવાબનો પક્ષ લઇ રોહીલાઓનો નાશ કર્યો.

(૫) કાશીનો રાજા ચૈયતસિંહ કંપનીને ૨૨ા લાખ રૂપીઆ ખંડણી ભરતો. હેસ્ટિંગ્સે વધારે માગી તે ન આપવાથી તેને કાહાડી મૂકી વધારે ખંડણી લેવાની શરતે તેના ભત્રિજાને ગાદી આપી.

(૬) ચૈયતસિંહને મદદ કરવાનું તહોમત મૂકી અયોધ્યાની બેગમ પાસેથી જોરજુલમથી એક કરોડ રૂપીઆ લીધા.

પ્ર૦ મરેઠી પહેલા વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ પુનાની ગાદી માટે રાઘોબાએ નારણરાવનું ખુન કરાવ્યું, પણ નાનાફડનવીસ વગેરે સરદારોએ નારાયણરાવના દીકરાને સવાઈ

માધવરાવ નામ ધારણ કરાવી કારભાર ચલાવવા માંડયો તેથી રાઘોબાએ ગાદી મેળવવા સાષ્ટી બેટ આપવાની શરતે ઇ. સ. ૧૭૭૫માં સુરત મુકામે મુંબાઇ સરકાર સાથે સલાહ કરી, પણ કલકત્તા સરકારને તે વાત પસંદ નહિ પડવાથી માધવરાવને મદદ કરવા લખ્યું, અને ઇ. સ. ૧૭૭૬માં પુરંધર મુકામે સલાહ કરી, પણ માધવરાવ ફ્રેંચ ફોજ રાખી લશ્કર તૈયાર કરે છે એવી કલકત્તા સરકારને ખબર મળતાં મુંબાઇ સરકારની સલાહ કબુલ રાખી. મરેઠાઓએ મુંબાઇના લશ્કરને હરાવી ૧૭૭૯માં વારગામ મુકામે ફાવતી શરતો કરાવી. પણ કલકત્તાના સૈન્યના ઉપરી ગોદર્દે આવી મરેઠી સૈન્યને હરાવ્યું. આથી ઇ. સ. ૧૭૮૨માં સાલબાઇ મુકામે સલાહ કરી લડાઇનો અંત આણ્યો. આ વિગ્રહ ઇ. સ. ૧૭૭૫-૮૨ સુધી ચાલ્યો.

પ્ર૦ મ્હૈસુરી બીજા વિગ્રહની ટુંક હકીકત કહો.

ઉ૦ હૈદર ઉપર માધવરાવ પેશ્વા ચઢી આવ્યો ત્યારે શરત મુજબ મદદ કરી નહિ તથા માહીમ નજદીકનો કેટલોક મુલક અંગ્રેજોએ દબાવ્યો તેથી હૈદરે લડાઈ જોડી. શરૂઆતમાં ૧૭૮૦માં પેરામ્બોક આગળ કર્નલ બેલીને તથા ચીલાંબ્રમ આગળ સર આયરકુટને ઇ. સ. ૧૭૮૧માં હૈદરે હરાવ્યા પણ પાછળથી સરકુટે ૧૭૮૧ પોર્ટોનોવો, પોલીલોર, શોલીંગર અને ચીલાંબ્રમ આગળ હૈદરને હરાવ્યો તેવામાં ૧૭૮૨માં ચિતુરમાં હૈદરનું મરણ થયું. તેના પછી તેના પુત્ર ટીપુએ લડાઇ ચાલુ રાખી, પણ તેમાં નહિ ફાવવાથી ઇ. સ. ૧૭૮૪માં મેંગલોર મુકામે સલાહ કરી લડાઇનો અંત આણ્યો.

પ્ર૦ હેસ્ટિંગ્સ પર ચાલેલી ફરીયાદની હકીકત કહો.

ઉ૦ કૌંસીલના મેમ્બરોની શીખવણીથી નંદકુમાર નામના બ્રાહ્મણે હેસ્ટિંગ્સ ઉપર લાંચ લેવાનું તહોમત મુક્યું, પણ તેણે કોઈ કામમાં ખોટો દસ્તાવેજ બનાવેલો માલમ પડવાથી તેને ફાંસી દીધી અને હેસ્ટિંગ્સના તહોમતનો મુકદ્દમો ઉડી ગયો. ઇ. સ. ૧૭૮૫ માં હેસ્ટિંગ્સ વિલાયત ગયો ત્યારે અયોધ્યાની બેગમ અને કાશીના રાજા પાસેથી જોરજુલમથી નાણાં કઢાવ્યા બાબત કેસ ચાલ્યો, તેમાં તે દશ લાખ રૂપીઆ ખરચ કરી નિર્દોષ ઠરી છુટી ગયો. ખર્ચને લીધે તે છેક ગરીબ હાલતમાં આવી ગયો, પણ કંપનીના ડિરેકટરોએ પાછળથી તેને નાણાંની સારી મદદ કરી.

પ્ર૦ ફોકસના બીલ વિષે શું જાણોછો ?

ઉ૦ હિંદની રાજ્યવ્યવસ્થા માટે ફોકસ નામના પ્રધાને બીલ ઘડયું તેમાં નીચે પ્રમાણે કલમો હતી.

(૧) કંપની પાસેથી રાજ્યસત્તા લઇ ઈંગ્લાંડને સોંપવી.

(૨) હિંદનો કારભાર ચલાવવા ૧૬ સભાસદોની કૌંસીલ નીમવી તેમાંના ૭ માણસ વેપાર કરે અને ૯ માણસ રાજ્ય-કારભાર કરે, પણ આ બીલ મંજુર થયું નહિ.

પ્ર૦ પીટના બીલ વિષે જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ ફોકસના બીલમાં કેટલોક વધારો ઘટાડો કરી પીટ નામના પ્રધાને બીલ મુકયું તે પસાર થયું તેમાં નીચે પ્રમાણે કલમો હતી.

(૧) કલકત્તાની કૌંસીલમાંથી એક મેમ્બર કમી કરી મુંબાઇ અને મદ્રાસના ગવર્નરને પણ એક એક કૌંસીલ આપવી.

(૨) હિંદના કારભાર પર દેખરેખ રાખવા માટે "બૉર્ડ ઑફ કંટ્રોલ" નામની મંડળી સ્થાપવી. તેઓ ડિરેકટરના કામ પર દેખરેખ રાખે. આ બીલ પાસ થયું.

લૉર્ડ કાર્નવાલિસ. ૧૭૮૬-૧૭૯૩—૭.

હેસ્ટિંગ્સ સાહેબ ૧૭૮૫ માં વિલાયત ગયા તે વખતે નવો ગવર્નર જનરલ આવતા સુધી "મેકફર્સન સાહેબે" ૨૦ માસ સુધી ગવર્નર જનરલનું કામ કર્યું, પણ તેમના વખતમાં કંઈ જાણવા લાયક બનાવ બન્યો નથી. ત્યાર પછી લૉર્ડ કાર્નવાલિસે તે જગ્યાનો ચાર્જ સંભાળી લીધો.

પ્ર૦ આ ગવર્નર જનરલના વખતના મુખ્ય બનાવ કયા.

ઉ૦ (૧) જમાબંધીમાં સુધારો. (૨) મહૈસુરી ત્રીજો વિગ્રહ. (૩) સુધારા.

પ્ર૦ જમાબંધી (વસુલાત) માં શાં શાં ફેરફાર કર્યા ?

ઉ૦ તેણે જમાબંધીના ત્રણ પ્રકાર ઠરાવ્યા

(૧) જમીનદારી—મોટા જમીનદારોએ પોતાના તાબાની જમીનનો કુલ્લ આંકડો સરકારમાં ભરવો. તે રીત બંગાળામાં ચાલેછે.

(૨) ગામવારી—લોકોએ પોતાના ગામનો કુલ આંકડો સરકારમાં ભરવો. તે રીત વાયવ્યપ્રાંત, પંજાબ અને મધ્યપ્રાંતમાં ચાલે છે.

(૩) રૈયતવારી—દરેક ખેડુતે પોતાના તાબાની જમીનની કુલ્લ વિઘોટી સરકારમાં ભરવી. આ રીત મુંબાઇ અને મદ્રાસ ઇલાકામાં ચાલે છે.

પ્ર૦ મહૈસુરી ત્રીજા વિગ્રહ વિષે શું જાણોછો ?

ઉ૦ આ લડાઇ ઇ. સ. ૧૭૯૦ થી ૧૭૯૨ સુધી ચાલી. ટીપુએ અંગ્રેજોના મિત્ર ત્રાવણકોરના રાજા ઉપર વગર કારણે ચઢાઈ કરી તથા અંગ્રેજોએ નિઝામને પોતાના મિત્રોનાં નામ લખી

આપ્યાં તેમાં ટીપુનું નામ નહિ હોવાથી લડાઇ શરૂ થઇ. શીમોગા અને અરિકેરા આગળ ૧૭૯૧ માં તથા શ્રીરંગપટ્ટણ આગળ ૧૭૯૨ માં ટીપુ હાર્યો અને શ્રીરંગપટ્ટણ આગળ ૧૭૯૨ માં સલાહ કરી વિગ્રહનો અંત આણ્યો.

પ્ર૦ કાર્નવાલિસના વખતમાં થએલા સુધારા કહો.

ઉ૦ (૧) બંગાળાના જમીનદારોને જમીનદારીની રીત બાંધી આપી. (૨) ઇન્સાફ માટે કલકત્તામાં હાઇકોર્ટ સ્થાપી. (૩) નોકરોના પગાર વધારી લાંચ લેતા અટકાવ્યા. (૪) કલેક્ટર ને જડજોનાં કામ જુદાં પાડયાં. (૫) ગંદકી સાફ કરનારના પગાર વધાર્યા. (૬) દરેક વેપારીને ત્રણ હજાર ટન સુધી વેપાર કરવાની છુટ આપી. તે ઇ. સ. ૧૭૯૩ માં સ્વદેશ ગયો.

સરજાનશોર ૧૭૯૩–૧૭૯૮–૫.

પ્ર૦ સરજાનશોરની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ આ ગવર્નર જનરલને હિંદુસ્તાનનું જેટલું જ્ઞાન હતું તેટલું બીજા કોઇ અંગ્રેજને નહોતું. તેનો વિચાર દેશીરાજ્યોના કારભારમાં હાથ નહિ ઘાલતાં સલાહશાન્તિથી રાજ્ય ચલાવવાનો હતો.

પ્ર૦ તેના વખતની જાણવા લાયક મુખ્ય હકીકત કહો.

ઉ૦ (૧) નિજામ ઉપર નાના ફડનવીસ ચઢી આવ્યો ત્યારે કરાર મુજબ અંગ્રેજોએ તેને મદદ કરી નહિ, તેથી નિજામે સિકંદરાબાદની અંગ્રેજ છાવણી કાઢી મુકી, પોતાનું લશ્કર કેળવવા ફ્રેંચ સરદારો રાખ્યા.

(૨) ૧૭૯૫ માં કર્ણાટકનો નવાબ મહમદઅલ્લી મરણ પામવાથી તેની ગાદી તેના પુત્ર ઓમદતને આપી.

(૩) અયોધ્યાનો નવાબ અસોફુઔદ્દલા ૧૭૯૭માં મરણ પામ્યો. ગાદીને માટે તકરાર ઉઠતાં અંગ્રેજોએ ખરા હકદાર સાદતઅલીને ગાદી આપી. બીજા હકદાર વજીરઅલ્લીને કેદ કર્યો. આ પ્રમાણે કારભાર કરી ઇ. સ. ૧૭૯૮ માં તે સ્વદેશ ગયો.

લૉર્ડ વેલેસ્લી (મોર્નિંગ્ટન) ૧૭૯૮–૧૮૦૫–૭.

પ્ર૦ લૉર્ડ વેલેસ્લીની રાજ્યનીતિ કેવી હતી?

ઉ૦ જેમ બને તેમ દેશી રાજ્યોની સત્તા ઓછી કરી બ્રિટિશ રાજ્ય વધારવાની મહેચ્છા હતી.

પ્ર૦ પોતાની રાજ્ય મેળવવાની ઇચ્છા કેવી રીતે પાર પાડી?

ઉ૦ આગલા ગવર્નર જનરલના સમયમાં અંગ્રેજોની મદદ નહિ મળવાથી નિઝામ, મરેઠા, ટીપુ વગેરે ફ્રેંચ નાયકો રાખી પોતાની મરજી મુજબ વર્તતા હતા. તેમને પોતાના પક્ષમાં લેવા વિચાર કર્યો, અને નિઝામ સાથે સલાહ કરી સિકંદરાબાદમાં અંગ્રેજી છાવણી રખાવી, પણ ટીપુ તથા મરેઠા કબજામાં આવ્યા નહિ.

પ્ર૦ વેલેસ્લીના વખતના મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) મ્હૈસુરી ચોથો વિગ્રહ. (૨) ટીપુના રાજ્યની વહેંચણી. (૩) મરાઠી બીજો વિગ્રહ (૪) ખાલસા કરેલાં રાજ્ય (૫) ભરતપુરનો ઘેરો.

પ્ર૦ મ્હૈસુરી ચોથા વિગ્રહ વિષે શું જાણો છો?

ઉ૦ ટીપુએ નિઝામના જેવી સલાહ કરવાની ના પાડી. એટલુંજ નહિ પણ અંગ્રેજોને હિંદમાંથી કાઢવા માટે કાબુલના રાજા ગુમાનશાહ તથા ફ્રેંચ સરદાર નેપોલીઅન બોનાપાર્ટ સાથે સંદે-

शा चलाववा लाग्यो तेथी लडाई थई. मालवेली, सदाशीर अने श्रीरंगपट्टण आगळ लडाईओ थई तेमां टीपु हार्यो अने श्रीरंगपट्टण आगळ लडतां लडतां टीपु रणमां पडयो तेथी विग्रहनो अंत आव्यो. ई. स. १७९९.

प्र० टीपुना राज्यनी वहेंचणी विषे शुं जाणोछो ?

ઉ० आ राज्यनी त्रण भागे वहेंचण करी (१) महीसुरनी आजुबाजुनो मुलक कृष्णरायना कुंवरने आप्यो (२) पूर्व तरफनो भाग पोते लई मद्रास इलाकामां जोडी दीधो. (३) केटलोक भाग पोताना मददगार निजाम तथा मरेठाने वहेंची आप्यो. टीपुना बे कुंवरोने वेलोरमां कैद कर्या, पण आगळ जतां वेलोरना बंडमां भाग लीधेलो जणावाथी कलकत्ते मोकलावी दीधा.

प्र० मराठी बीजा विग्रह विषे जाणवा लायक हकीकत कहो.

ઉ० नाना फडनवीस ई. स. १८०० मरण पामतां मराठी राज्यमां कुसंप पेठो, पेश्वा बाजीराव सिंधिआना पक्षमां होवाथी जसवंतराव होल्करे ई. स. १८०१ मां पुना उपर स्वारी करी पेश्वाने हराव्यो तेथी बाजीराव ई. स. १८०२ मां वसाई मुकामे अंग्रेजो साथे सलाह करी. आथी सिंधीआ तथा भोंसलेए नाराज थई लडाई जोडी.

प्र० आ लडाईनुं शुं परिणाम आव्युं ?

ઉ० असाई आगळ आर्थर वेलस्लीए अने दिल्ही तथा लासवारी आगळ लोर्ड लेके सिंधिआने हराव्यो, तेमज आरगाम आगळ आर्थर वेलेस्लीए सिंधिआ तथा भोंसलेने हराव्या. आथी सिंधिआए सिरजीअंजे गाम आगळ ने भोंसलेए देवगाम आगळ सलाह करी ई. स. १८०३.

પ્ર૦ હોલ્કર સાથેની લડાઇનું શું પરિણામ આવ્યું ?

ઉ૦ જાટ રાજાને ઉશ્કેરી રજપુતાનામાં લુંટફાટ ચલાવતો તેથી મોન્સન, ફ્રેજર અને લૉર્ડ લેકે દીગ અને ફરૂકાબાદ આગળ હરાવ્યો, પણ તાબે થયો નહિ તેથી તેને ફાવતી શરતો કબુલ કરી તેને શાન્ત પાડયો. ઇ. સ. ૧૮૦૪.

પ્ર૦ ભરતપુરના ઘેરા વિષે શું જાણો છો ?

ઉ૦ ભરતપુરના રાજાએ હોલ્કરને મદદ કરી, માટે લૉર્ડ લેકે તે ગઢને ઘેર્યો, પણ તે જીતાયો નહિ. ઇ. સ. ૧૮૦૫.

પ્ર૦ વેલેસ્લીએ કયાં કયાં રાજ્ય ખાલસા કર્યાં ?

ઉ૦ (૧) ઇ. સ. ૧૭૯૯માં તંજાવરના રાજાને પેન્સન બાંધી આપી તેનું રાજ્ય ખાલસા કર્યું. (૨) ઇ. સ. ૧૮૦૦માં સુરતના નવાબને પેન્સન બાંધી આપી રાજ્ય ખાલસા કર્યું. (૩) ૧૮૦૧માં કર્ણાટકના નવાબને પેન્સન બાંધી આપી તેનો મુલક તાબે કર્યો. (૪) ૧૮૦૧માં ફરૂકાબાદના નવાબને પેન્સન બાંધી આપી તેનું રાજ્ય ખાલસા કર્યું. (૫) અયોધ્યાના નવાબ સાથે લખનોરના કરાર લખાવી લઇ વાયવ્ય પ્રાંત મેળવ્યા (૬) ૧૮૦૧માં નિજામ પાસેથી લશ્કરી ખર્ચ બદલ બાલાઘાટ પ્રાંત મેળવ્યો. આવી રીતે પોતાની ધારણા પાર પાડી ૧૮૦૫માં સ્વદેશ ગયો.

લૉર્ડ કાર્નવાલિસ–બીજીવાર ૧૮૦૫–૧૮૦૫—૦

પ્ર૦ કાર્નવાલિસને શામાટે ફરી મોકલવામાં આવ્યો ?

ઉ૦ વેલેસ્લીની લડાયક રાજ્યનીતિના સબબે સલાહશાન્તિની જરૂર હોવાથી તથા નાણાંની તંગી પડવાથી કાર્નવાલિસને મોકલવામાં આવ્યો, પણ તે વૃદ્ધ હોવાથી અને તબીયત નાદુરસ્ત હોવાના કારણથી લૉર્ડ લેકને મળવા જતાં ગાજીપુર આગળ મરણ પામ્યો. ઇ. સ. ૧૮૦૫.

સરજ્યૉર્જ લૉ ૧૮૦૫—૧૮૦૭—૨.

પ્ર૦ આ ગવર્નર જનરલના વખતની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ તે કૌંસીલનો વડો મેમ્બર હતો. તેની રાજ્યનીતિ પણ સરજાન-શોરની માફક ઢીલી હોવાથી સિંધિઆ તથા હોલ્કર પોતાની મરજી મુજબ વર્તવા લાગ્યા. તેઓ મદદ મેળવવા માટે શીખ રાજા પાસે ગયા, પણ મદદ નહિ મળવાથી તેમણે ઇ. સ. ૧૮૦૫માં સલાહ કરી. વેલોરના દેશી લશ્કરને હુકમ કરવામાં આવ્યો કે **અ.** બધાઓએ એકજ જાતનો પહેરવેશ પહેરવો. **બ** સરખી જાતનાં દાઢી મુછ રાખવાં. **ક** તમામે શુન્ય કપાળ રાખવાં. આવી જાતના હુકમો થવાથી તેમણે જાણ્યું કે આપણને ખ્રિસ્તી બનાવી વિલાયત લઈ જશે તેથી તેમણે બંડ કર્યું. તે જન૦ ગીલેસ્પીએ ઈ. સ. ૧૮૦૬માં સમાવ્યું. આ બંડમાં ટીપુનાં કુંવરોની શિખવણી હતી, એમ સમજી તેમને કલકત્તે મોકલી દેવામાં આવ્યા. બાર્લોની રાજ્યનીતિ પસંદ નહિ પડવાથી ડિરેક્ટરોએ તેને મદ્રાસનો ગવર્નર નીમી તેની જગાએ લૉર્ડ મિન્ટોને મોકલ્યો.

લૉર્ડ મિન્ટો. ૧૮૦૭—૧૮૧૩—૬.

પ્ર૦ લૉર્ડ મિન્ટોના સમયનું ટુંક વર્ણન કરો.

ઉ૦ (૧) ત્રાવણકોરના દિવાને તોફાન કરવાથી તે રાજ્ય જપ્ત કર્યું. (૨) ૧૮૦૯માં ફ્રેંચોના મોરીસ અને બુર્બોન બેટ જીતી લીધા. (૩) રશિઅન ધાસ્તીને લીધે **અ** પંજાબમાં મેટ્કાફ, **બ** અફગા-નિસ્તાનમાં એલ્ફીન્સ્ટંટ ને **ક** ઇરાનમાં માલ્કમને મોકલી સલાહ કરી (૪) ઇ. સ. ૧૮૧૩માં કંપનીના પટ્ટામાં ફેરફાર કરી કંપનીને ફક્ત ચીનમાં વેપાર કરવાની સનંદ આપી અને હિંદમાં

બધા અંગ્રેજોને વેપાર કરવાની છૂટ આપી. તે ઇ. સ. ૧૮૧૩માં સ્વદેશ ગયો.

લૉર્ડ હેસ્ટિંગ્સ (મોયરો) ઇ. સ. ૧૮૧૪–૧૮૨૩–૯.

પ્ર૦ તેના વખતના જાણવા લાયક મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) નેપાળ સાથે વિગ્રહ (૨) પીંઢારી વિગ્રહ (૩) મરાઠી ત્રીજો વિગ્રહ. (૪) સુધારા.

પ્ર૦ નેપાળી વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ સરહદ ઉપરનો કેટલોક મુલક દબાવી અંગ્રેજી મુલકમાં લુટફાટ ચલાવી તેથી લડાઇ થઈ. અંગ્રેજ સરદાર ગીલેસ્પી, વુડ, માર્લી અને આકટરલોની હતા. શરૂઆતમાં ગીલેસ્પીને વિજય મળ્યો નહિ, પણ પાછળથી આકટર લોનીએ ઇ. સ. ૧૮૧૪માં નળગઢ જીતી લઇ અંગ્રેજોની ચઢતી કરી, અને મલુન, મકવાનપુર અને હરિહરપુરની લડાઇઓમાં ગુરખાઓને હરાવ્યા તેથી તેમણે ૧૮૧૬માં સેગાઉલી મુકામે સલાહ કરી વિગ્રહનો અંત આણ્યો. આ વિગ્રહ ઇ. સ. ૧૮૧૪થી ૧૮૧૬ સુધી ચાલ્યો.

પ્ર૦ પિંઢારી વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ મોગલાઇ સત્તા ઓછી થવાથી તેમાંથી નિરૂદ્યમી થએલા લોકોની આ લુટારૂ ટોળીઓ બંધાએલી હતી, તેમને સિંધિઆ, હોલ્કર વગેરે તરફથી છાની મદદ મળતી હતી. તેઓ લુટફાટ કરી પ્રજાને ઘણું દુઃખ દેતા હતા. તેમના આગેવાનો (૧) અમીરખાન (૨) કરીમખાન (૩) ચીતુ અને (૪) વસીલ મહમદ હતા. હેસ્ટંગ્સે તેમને વશ કરવા સવા લાખ માણસનું લશ્કર એકઠું કરી તેમના રહેઠાણ મધ્ય હિંદુસ્તાનને ચારે તરફથી ઘેરી તેમનાં

ગામ બાળવા માંડયા. આથી છેવટે તેઓ શરણે થયા. તેથી અમીરખાનને ટોંકની જાગીર આપી. કરીમખાન ગોરખપુર ગયો. ચિતુ જંગલમાં નાશી ગયો, ત્યાં તેને વાઘે મારી નાખ્યો. અને વસીલ મહમદ સિંધિઆને આશ્રયે ગયો. આ કામમાં સર-જૉનમાલ્કમે સારી મદદ કરી હતી ઇ. સ. ૧૮૧૭.

૫૦ મરાઠી ત્રીજા વિગ્રહ વિષે જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ આ વખતે પેશ્વા, હોલ્કર અને ભોંસલાએ લડાઇ જોડી. આ પેશ્વા વસાઇની સલાહ કર્યા પછી અંગ્રેજોથી સ્વતંત્ર થવા હોલ્કર સાથે મસલત ચલાવતો હતો, તેમજ ગાયકવાડ સરકારે હિસાબ કરવા સારૂ અંગ્રેજોની બાંહેધરીથી ગંગાધર શાસ્ત્રીને પુને મોકલ્યા હતા. તેમનું બાજીરાવના પ્રધાન ત્ર્યંબકજી ડેંગલેએ પંઢરપુરમાં ખુન કરાવ્યું. આથી અંગ્રેજોએ ત્ર્યંબકજીને કેદ કરી બાજીરાવ સાથે ૧૮૧૭માં વસાઇ મુકામે સલાહ કરી, પણ બાજીરાવે રેસીડન્ટ એલ્ફીસ્ટંટના બંગલા પર હલ્લો કર્યો. ખડકી, કોરેગામ અને આસ્ટેની લડાઈઓ થઇ તેમાં બાપુ ગોખલે નામનો વીર સરદાર મરાવાથી બાજીરાવ અંગ્રેજ સરદાર માલ્કમ સાહેબને શરણે આવ્યો, તેથી તેને આઠ લાખનું વર્ષાસન બાંધી આપી કાનપુર પાસે બીઠુર ગામમાં રહેવાની રજા આપી તેનું રાજ્ય ખાલસા કર્યું ૧૮૧૭. બાજીરાવ ઇ. સ. ૧૮૫૩માં મરણ પામ્યો, અને પેશ્વાઇનો અંત આવ્યો.

વ ભોંસલા–નાગપુરમાં પરસાજી કરીને ગાંડા જેવો રાજા રાજ્ય કરતો હતો. તેને મારી તેનો પિતરાઇ આપાસાહેબ ગાદી પર આવ્યો તેણે અંગ્રેજો સાથે સલાહ કરી નાગપુરમાં અંગ્રેજી લશ્કર રાખ્યું, પણ પાછળથી ૧૮૧૭ માં અંગ્રેજ રેસીડન્ટ જેન્કીન્સન પર

હલ્લો કર્યો. આથી તેને જબલપુર અને નાગપુર આગળ હરાવ્યો. આપા સાહેબ નાશી ગયો, અને તેની જગ્યાએ બીજા રઘુજીને ગાદીએ બેસાડયો. તે અપુત્ર મરણ પામતાં ૧૮૫૩ માં તેનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું.

ક હોલ્કર–૧૮૧૧ માં જસવંતરાવ હોલ્કર ગાંડો થઇ મરણ પામતાં તેના બાળપુત્રને ગાદીએ બેસાડી તેની સ્ત્રી તુળસીબાઇ કારભાર ચલાવવા લાગી. તેનો વિચાર અંગ્રેજો સાથે સલાહસંપ રાખવાનો હતો, પણ સરદારોને વાત પસંદ નહિ પડવાથી તેને મારી નાંખી લડાઇ જોડી. અંગ્રેજ સરદાર હીસ્લોપે માહીદપુર આગળ ૧૮૧૭ માં હોલ્કરના લશ્કરને હરાવી મંદેસર મુકામે સલાહ કરવાની ફરજ પાડી.

પ્ર૦ આ ગવર્નર જનરલના વખતમાં કયા કયા સુધારા થયા ?

ઉ૦ (૧) કેળવણી વધી. (૨) વર્તમાનપત્ર નીકળ્યાં. (૩) અંગ્રેજી કેળવણીની શરૂઆત થઇ.

પ્ર૦ બીજા પરચુરણ કયા બનાવ બન્યા ?

ઉ૦ (૧) કચ્છના રાવ ભારમલજી પદભ્રષ્ટ થયા. ફ્રેંચ અને ડચનાં થાણાં પાછાં આપ્યાં (૩) ઇ. સ. ૧૮૧૯ માં સીંગાપોર બેટ મળ્યો. પછી તે ઇ. સ. ૧૮૨૩ માં સ્વદેશ ગયો ત્યાં સારી નોકરી કરવા બદલ તેને ૭ લાખ રૂપીઆની કિંમતનો વજીફો ઇનામ તરીકે મળ્યો.

લૉર્ડ આમહર્સ્ટ ઇ. સ. ૧૮૨૩–૧૮૨૮–૫.

પ્ર૦ આ ગવર્નર જનરલના વખતમાં કયા કયા મુખ્ય બનાવ બન્યા ?

ઉ૦ (૧) પહેલો બ્રહ્મીવિગ્રહ (૨) ભરતપુરની જીત.

પ્ર૦ બ્રહ્મી વિગ્રહની જાણવા લાયક ટુંક હકીકત કહો.

ઉ૦ આ રાજ્યની સ્થાપના ઇ. સ. ૧૭૫૦ માં આલોમ્પા નામના સરદારે કરી હતી. ત્યાંના રાજાના જૂલમથી કેટલાક લોકો અંગ્રેજને આશ્રયે આવી રહ્યા હતા તે પાછા આપ્યા નહિ તથા તે રાજાએ અંગ્રેજી સરહદમાં લુંટફાટ કરવા માંડી તેથી વિગ્રહ શરૂ થયો. અંગ્રેજ સરદાર સર આર્શીબાલ્ડ કેમ્પબેલ હતો અને ફ્રેંચ સરદાર મહા બાંદુલા તથા નરકાધિપતિ હતા. આ સરદારો ગવર્નર જનરલને પકડીને બાંધી લઈ જવા માટે સોનાની સાંકળો લાવ્યા હતા. ત્યાંના હવા પાણી રોગિષ્ઠ હોવાથી લગભગ વીસ હજાર માણસનો નાશ થયો. બ્રહ્મીલોકો જાદુ વિદ્યાના બળથી હિંદી લશ્કરનો નાશ કરે છે. આવી ગેરસમજને લીધે ૪૭ મી દેશી પલ્ટનના સિપાઇઓ તેમની સામે લડવા માટે આનાકાની કરવા લાગ્યા, અને બંડ કર્યું, પણ તે સમાવ્યું, અને બળવાખોરોને શિક્ષા કરી. છેવટે પ્રોમ, પેગામ અને રંગુન આગળ બ્રહ્મીઓને ઇ. સ. ૧૮૨૫ માં હરાવ્યા તેથી તેમણે ૧૮૨૬ માં યાન્દાબો મુકામે સલાહ કરી.

પ્ર૦ ભરતપુરના ઘેરા વિષે શું જાણો છો ?

ઉ૦ ભરતપુરનો રાજા ઇ. સ. ૧૮૨૫ માં અપુત્ર મરણ પામતાં તેનો ભાઈ બળવંતસિંહ ગાદી પર આવ્યો, પણ તેને મરનારના સગા દુર્જનશાલે ઉઠાડી મુકયો. આથી અંગ્રેજોએ બળવંતસિંહનો પક્ષ પકડી લૉર્ડ કામ્બરમિયરને મોકલ્યો તેણે ૧૮૨૭ માં ભરતપુરનો અજીતગઢ જીતી લઇ ૧૮૦૫ માં લૉર્ડ લેકને મળેલી

નામોશી ટાળી. આમ્હર્સ્ટ ઇ. સ. ૧૮૨૮ માં સ્વદેશ ગયો તેની જગ્યાએ બેન્ટિક સાહેબ આવ્યા.

લૉર્ડ વિલિયમ બેન્ટિક ઇ. સ. ૧૮૨૮–૩૫–૭.

પ્ર૦ એમના સમયની [illegible] કહો.

ઉ૦ તેણે અંગ્રેજી [illegible] કરવા પ્રયત્ન કર્યો, [illegible] તે બધા ગવર્નર જનરલમાં ઘણા ઉત્તમ ગણાય છે. વેલોરના બંડ વખતે તે મદ્રાસમાં ગવર્નર હતા.

પ્ર૦ આ ગવર્નર જનરલે કયા કયા સુધારા કર્યા ?

(૧) બ્રહ્મી વિગ્રહમાં થએલો ખર્ચ પુરો કરવા માટે વસુલાતખાતામાં સુધારો કરી સ્થાયી ખર્ચમાં ઘટાડો કર્યો તથા માળવી અફીણ ઉપર જકાત નાખી.

(૨) સતી થવાનો ક્રૂર રિવાજ બંધ કરાવ્યો. ૧૮૨૯

(૩) ઠગ ફાંસીઆનો નાશ કર્યો, અને પકડાએલાઓને જબલપુરમાં તંબુ વણવાને ઉદ્યોગે વળગાડયા. આ કામમાં કપ્તાન સ્લીમને સારી મદદ કરી.

(૪) કંપનીના પટ્ટામાં ફેરફાર કરી કંપનીને ફક્ત રાજ્ય ચલાવવાનું ઠરાવ્યું, અને બધા અંગ્રેજોને હિંદ તથા ચીનમાં વેપાર કરવાની છુટ આપી. ગવર્નર જનરલની કૌંસીલમાં ત્રણને બદલે ચાર મેમ્બર કર્યા.

(૫) રાજા કે નવાબ અપરાધ કરે તો તેને પણ શિક્ષા કરવાનો કાયદો કર્યો.

(૬) જલદીથી ન્યાય મળે તેવો ધારો દાખલ કર્યો.

(૭) દેશી લોકોને જરૂરની નોકરી આપવાનો કાયદો કર્યો.

(૮) કચેરીઓમાં ફારસીને બદલે અંગ્રેજી ભાષા દાખલ કરી.

(૯) દેશીઓને અંગ્રેજી તથા સંસ્કૃત કેળવણી આપવાની શરૂ કરી.

(૧૦) નરમેધ તથા દૂધપીતિ કરવાનો રિવાજ બંધ કરાવ્યો.

(૧૧) કાયદાનું કમીશન નીમી લૉર્ડ મેકોલે પાસે સુધારો કરાવ્યો.

(૧૨) વાયવ્ય પ્રાંતના વસુલાત ખાતામાં સુધારો કરી ગામવારી ઠરાવી.

(૧૩) આગબોટો શરૂ થઈ, અને યુરોપ જવાનો ટૂંકો રસ્તો નીકળ્યો.

પ્ર૦ આ ગવર્નર જનરલે કયાં કયાં રાજ્ય ખાલસા કર્યાં ?

ઉ૦ (૧) કાચારનો રાજા અપુત્ર મરણ પામતાં તે રાજ્ય ખાલસા કર્યું. ઇ. સ. ૧૮૩૨.

(૨) કુર્ગનો રાજા ગાંડો થઈ રૈયતને દુઃખ દેતો હતો, તેથી પ્રજાની મરજીથી તે રાજ્ય ખાલસા કર્યું. ૧૮૩૪. કુર્ગના રાજ્યમાં આ કારણથી પ્રજાને હથિઆરબંધીનો કાયદો લાગુ નથી.

(૩) મૈસુરના રાજ્યમાં અંધેર ચાલતું હોવાથી તે રાજ્ય ઉપર જપ્તી બેસાડી. એ પ્રમાણે કારભાર કરી બેન્ટિક સાહેબ ૧૮૩૫ માં વિલાયત ગયા.

સર ચાર્લ્સ મેટ્કાફ ૧૮૩૫-૧૮૩૬-૧.

પ્ર૦ આ ગવર્નર જનરલ વિષે શું જાણો છો ?

ઉ૦ તે વિલિયમ બેન્ટિકના મતને મળતો હતો. તેણે લોકો પોતાના વિચાર સ્વતંત્ર રીતે જાહેર કરી શકે, માટે વર્તમાનપત્રોને સંપૂર્ણ છૂટ આપી, પણ આ વિચાર વિલાયતના કોન્ઝરવેટીવ પક્ષને પસંદ નહિ પડવાથી તેમને પાછા બોલાવી લૉર્ડ આક-લાંડને મોકલ્યા.

લૉર્ડ આકલાંડ ઇ. સ. ૧૮૩૬-૪૨-૬.

પ્ર૦ લૉર્ડ આકલાંડના સમયમાં જાણવા લાયક મુખ્ય બનાવ ક્યા બન્યા ?

ઉ૦ (૧) અયોધ્યામાં બંડ. (૨) સતારાના રાજાનો દ્રોહ (૩) અફ-ઘાન પહેલો વિગ્રહ (૪) ચિનાઇ પહેલો વિગ્રહ.

પ્ર૦ અયોધ્યાના બંડ વિષે શું જાણો છો ?

ઉ૦ અયોધ્યાનો નવાબ સાદતઅલ્લી મરણ પામતાં અંગ્રેજે મર-નારના કાકાને ગાદી આપી, પણ બેગમે દત્તપુત્ર લઇ બંડ મચા-વ્યું, આકલાંડે તે શાન્ત કરી નવાબના કાકાને ગાદી આપી.

પ્ર૦ સતારાના રાજ્યદ્રોહ વિષે જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ સતારાના પ્રતાપસિંહે અંગ્રેજ સામે થવા કાવતરું રચ્યું, તેથી અંગ્રેજોએ તેને ઉઠાડી મુકી તેના ભાઇ બાળા સાહેબને ગાદી આપી ઇ. સ. ૧૮૩૯-૪૦.

પ્ર૦ અફઘાન વિગ્રહ વિષે જાણવા લાયક ટુંક હકીકત કહો.

ઉ૦ કાબુલના રાજા ઝુમાનશાહના મરણ પછી તેનો ભાઇ શાહસુજા ગાદી પર આવ્યો, પણ તે દમ વગરનો હોવાથી તેને ઊઠાડી મુકી દોસ્તમહમદ ગાદી ઉપર બેઠો. શાહસુજા ત્યાંથી નાશી આવી પંજાબના શીખ રાજા રણજીતસિંહના આશ્રય નીચે લુધીઆનામાં રહેતો હતો. આ સમયે રૂશિઅન ધાસ્તીને લીધે લૉર્ડ આકલાંડે અમીર સાથે સલાહ કરવા માટે કપ્તાન બર્નને મોકલ્યો ઇ. સ. ૧૮૩૭. પણ અમીરે તે એલચીને પોતાના મુલકમાં પેસવા દીધો નહિ, ને રૂશિઅન એલચીને માન આપ્યું. આથી આકલાંડે ખરા હકદાર શાહસુજાને ગાદી અપાવવા ગોઠવણ કરી. રણજીતસિંહ સાથે સલાહ કરી તેને પણ આકલાંડે પોતાના પક્ષમાં લીધો, અને અંગ્રેજ ને શીખ પલટણો લઇ શાહસુજા કાબુલ ઉપર ચઢ્યો. દોસ્તમહમદ વગર લડે ઉત્તર તરફ નાઠો, અને કાબુલ, કંદહાર, ગીજની જીતી લઇ ૧૮૩૯માં શાહસુજાને ગાદીએ બેસાડ્યો, અને રક્ષણ માટે કેટલુંક અંગ્રેજી લશ્કર રાખ્યું. દોસ્તમહમદે ઉત્તર તરફથી આવી લડાઇ ચલાવી, પણ જનરલ સેલે ઇ. સ. ૧૮૪૦માં પરવાન આગળ હરાવી કેદ પકડ્યો, અને કલકત્તે મોકલાવી દીધો.

પ્ર૦ ફરીથી તોફાન થવાનું કારણ કહો.

ઉ૦ (૧) શાહસુજાને પરદેશી રાજાએ ગાદી આપી તેથી તેના ઉપર પ્રજાનું હેત નહોતું. (૨) અંગ્રેજી લશ્કરની ચાલ ખરાબ હતી. (૩) દોસ્તમહમદના દીકરા અકબરખાનની ઉશ્કેરણી વગેરે કારણોથી અફઘાનોએ અકબરખાનની સરદારી નીચે બંડ કરી બર્ન્સ, એસીસ્ટંટ, મેકનોટન, અને શાહસુજાને મારી નાખ્યા. અને હિંદમાં પાછા આવવા નીકળેલા અંગ્રેજી લશ્કરનો વિશ્વાસઘાતથી નાશ

કર્યો. આ માઠા સમાચાર કહેવાને ફકત ડોકટર બ્રાઇડાન બચ્યો, તેણે જલાલાબાદમાં જઈ રૉબર્ટસેલને આ હકીકત કહી. આ સ્થિતિ ચાલતી હતી તેવામાં આકલાંડના હોદ્દાની મુદત પુરી થવાથી તે સ્વદેશ ગયો, અને તેની જગાએ એલનબરો આવ્યા ઇ. સ. ૧૮૪૨.

પ્ર૦ ચિનાઈ વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ ચીનમાં અફીણની બદી વધતી જતી હોવાથી અંગ્રેજ વેપારીઓને તે વેપારની મના કરવા રાજાએ ફરમાવ્યું, પણ તે ગણકાર્યું નહિ તેથી ચીનના રાજાએ અંગ્રેજ વેપારીઓની અફીણની પેટીઓનો નાશ કર્યો. આ વાતની કલકત્તાના ગવર્નર જનરલને ખબર પડતાં લૉર્ડ ગોફની સરદારી નીચે લશ્કર મોકલ્યું, તેણે ચીનાઓને હરાવ્યા અને પાંચ બંદરોમાં વેપાર કરવાની છુટ મેળવી વિગ્રહનો અંત આણ્યો. ઇ. સ. ૧૮૪૨.

લૉર્ડ એલનબરો. ૧૮૪૨–૧૮૪૪–૨.

પ્ર૦ આ ગવર્નર જનરલના વખતમાં મુખ્ય બનાવો કયા બન્યા ?

ઉ૦ (૧) અફઘાન વિગ્રહનું વેર વાળ્યું. (૨) સિંધ વિગ્રહ. (૩) સિંધિઆ વિગ્રહ.

પ્ર૦ અફઘાન વિગ્રહનો અંત કેવી રીતે આવ્યો ?

ઉ૦ જલાલાબાદમાં ટકી રહેલા જન૦ સેલને મદદ કરવા તેમજ કંદહારમાં ટકી રહેલા જન૦ નોટને મદદ કરવા જન૦ પોલોક તથા જન૦ ઇંગ્લાંડને મોકલ્યા, તેમણે અફઘાનોના સરદાર અકબરખાનને કંદહાર આગળ ભારે હાર ખવરાવી કેદીઓને છોડવી

કાબુલના બજારની હજારો દુકાનો બાળી મુકી, વિજયની યાદગીરી દાખલ સોમનાથ મહાદેવના દહેરાનાં સુખડનાં કમાડ લઈ બધું લશ્કર હિંદમાં પાછું આવ્યું. ૧૮૪૨. દોસ્તમહમદને છુટો કરી તેના દેશમાં મોકલી દીધો.

પ્ર૦ સિંધ વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ (૧) અફઘાન વિગ્રહ વખતે સિંધના અમીરોએ તેમના મુલકમાં થઇને જતાં અંગ્રેજી લશ્કરને અડચણ કરી.
(૨) અંગ્રેજી માલ પર જકાત નાખી (૩) સિંધમાં રેસીડંટ રાખવાની ના પાડી. તેનું સમાધાન કરવા એલનબરોએ અમીરો સાથે કેટલાક સંદેશા ચલાવ્યા, પણ તેનું ઇષ્ટ પરિણામ નહિ આવવાથી સરચાર્લ્સ નેપિયરને લશ્કર લઇને મોકલ્યો તેણે મીયાની અને હૈદરાબાદ આગળ અમીરોના લશ્કરને હરાવી સિંધપ્રાંત ખાલસા કર્યો ઇ. સ. ૧૮૪૩.

પ્ર૦ સિંધિઆ વિગ્રહ વિષે શું જાણોછો ?

ઉ૦ ઇ. સ. ૧૮૪૩ માં જંકોજી સિંધિઆ મરણ પામતાં તેની સ્ત્રી તારાબાઇએ જીયાજીરાવને દત્તક લઇ કારભાર ચલાવવા માંડયો તેને અંગ્રેજોએ નીમેલા કારભારી સાથે બનતું નહિ હોવાથી અંગ્રેજોએ કારભારીનો પક્ષ લઇ લડાઇ જોડી, સદરહુ ગોફે મહારાજપુર અને પનીઆરની લડાઇમાં સિંધિઆના લશ્કરને હરાવ્યું અને ૧૮૪૪ માં ગ્વાલીઅર મુકામે સલાહ કરી વિગ્રહનો અંત આણ્યો.

એલનબરોના કારભારથી નારાજ થઇ ડિરેક્ટરોએ તેને પાછો બોલાવી લઇ તેની જગાએ લોર્ડ હાર્ડિંજ સાહેબને મોકલ્યા. ૧૮૪૪.

લોર્ડ હાર્ડિંજ સાહેબ ૧૮૪૪-૧૮૪૮-૪.

પ્ર૦ તેમના વખતમાં જાણવા લાયક કયા બનાવ બન્યા ?

ઉ૦ તેનો એક હાથ લિગ્નિના રણસંગ્રામમાં કપાઇ ગએલો હતો. તે લડવૈયો અને બહાદુર હતો. તેના વખતમાં (૧) શીખ પહેલો વિગ્રહ અને કેટલાક સુધારા થયા છે.

પ્ર૦ શીખ લોકો વિષે શું જાણો છો ?

ઉ૦ આ ધર્મ ૧૪૯૬ માં ગુરૂ નાનકે સ્થાપ્યો. તે ધર્મમાં હિંદુ તથા મુસલમાનો દાખલ થઇ શકતા. જ્યાં સુધી તેમના તરફ કોઇ અન્યધર્મીઓનો ઉપદ્રવ નહોતો ત્યાં સુધી તેઓ ઘણી શાન્તીથી રહ્યા, પણ આગળ જતાં ધર્માંધપણાથી ઓરંગજેબ તથા તેના વારસોએ તેમના પર જુલમ ગુજારવાથી તેઓ લડાયક પ્રજા બની. પહેલ વહેલા ગુરૂ ગોવિંદસિંહે તેમને લશ્કરી કેળવણી આપવા માંડી ધાર્મિક જુસ્સો ઉત્પન્ન કર્યો. આગળ જતાં કાબુલના બાદશાહ ઝમાનશાહે ઇ. સ. ૧૮૦૦ માં ગુરૂ રણજીતસિંહને પંજાબનો સુબો નીમ્યો. આ વખતે તેની ઉંમર વીશ વર્ષની હતી. તેની સાથે ૧૮૦૯ માં લૉર્ડ મિન્ટો સાહેબે મેટકાફને મોકલી તેમજ આકલાંડ સાહેબે અફઘાન વિગ્રહ વખતે સલાહ કરી હતી તે તેણે પોતાના જીવતા સુધી પાળી. ઝમાનશાહના મરણ કેડે અમીરોમાં માંહોમાંહે કુસંપ થતાં પોતે સ્વતંત્ર થઇ પંજાબ તાબે કરી રાજ્યપદ ધારણ કર્યું. તે ઘણો બળવાન હતો તેમજ તેનો પ્રજા, લશ્કર અને સરદારો પર સારો દાબ હતો. અંગ્રેજો પણ તેમના પરાક્રમથી છક થઇ ગયા હતા, અને તેને પંજાબના સિંહની ઉપમા આપી હતી. આ વીરનર ઇ.

સ. ૧૮૩૯ માં મરણ પામતાં ગાદી માટે માંહોમાંહે કુસંપ થયો તેથી અંગ્રેજોને વચ્ચે પડવું પડયું.

પ્ર૦ શીખ વિગ્રહ વિષે જે જાણુતા હો તે કહો.

ઉ૦ રણજીતસિંહના મરણ પછી કરકસિંહ, નિહાલસિંહ અને શેરસિંહ ગાદી ઉપર આવ્યા, પણ રાજ્યની ખટપટને લીધે થોડા જ વખતમાં તેમનાં દગા ફટકાથી મરણ થયાં. આથી છેવટે રણજીતસિંહની રાણી ચંદાકુંવરે બાળકુંવર દુલીપસિંહને ગાદીએ બેસાડી કારભાર ચલાવવા માંડયો, અને કારભારમાં મદદ કરવા માટે (૧) લાલસિંહ (૨) જુહારસિંહ (૩) ગુલાબસિંહ અને (૪) છત્રસિંહની ખાલસા નામની સભા ઠરાવી. આ ખાલસા સભાનું લશ્કરી બળ વધી પડવાથી બ્રિટિશ હદમાં લુંટફાટ ચલાવવા માંડી, આથી અંગ્રેજોને તેમનું બળ અટકાવવા લડાઇ જોડવી પડી. અંગ્રેજ સરદાર સ્મીથ અને ગોફે મુડકી, ફીરોજપુર આગળ ૧૮૪૫ માં તથા અલીવાલ અને સોબ્રાઉન આગળ ૧૮૪૬ માં શીખ સરદાર શામસિંહ, તેજસિંહ, લાલસિંહ અને છત્રસિંહને હરાવી ૧૮૪૬ માં લાહોર મુકામે સલાહ કરવાની ફરજ પાડી. તેમાં લડાઇના ખર્ચ બદલ એક કરોડ રૂપીઆ લેવાના તથા લાહોરમાં અંગ્રેજ રેસીડન્ટ રાખવાની શરતો થઇ, અને વિગ્રહનો અંત આવ્યો.

પ્ર૦ હાર્ડિંજ સાહેબે કયા કયા સુધારા કર્યા?

ઉ૦ (૧) હોંશીઆર લડનારાઓને ચાંદ આપવાનો ઠરાવ કર્યો. (૨) છોડીઓને દૂધપીતી કરવાનો ચાલ બંધ કર્યો. (૩) ખોંડીઆમાં થતો નરમેધ અટકાવ્યો. (૪) નાક, કાન, કાંડાં કાપવાનો ક્રૂર રિવાજ

બંધ કર્યો. (૫) રાહદારી હાંસલ માફ કરાવી વેપારને ઉત્તેજન આપ્યું. (૭) રૂરકીમાં શિલ્પશાળા સ્થાપવામાં આવી. આ અને બીજા કેટલાક સુધારા કરી ઇ. સ ૮૪૮ માં સ્વદેશ ગયા, ત્યાં તેમને ઉમરાવ પદવી આપવામાં આવી. તેમની જગાએ ઇ. સ. ૧૮૪૮ માં ડેલહૌસી આવ્યા.

લોર્ડ ડેલહૌસી ઇ. સ. ૧૮૪૮–૫૬–૮.

પ્ર૦ તેમના વખતમાં જાણવા લાયક કયા બનાવ બન્યા ?

ઉ૦ (૧) બીજો શીખ વિગ્રહ, (૨) બીજો બ્રહ્મી વિગ્રહ (૩) ખાલસા કરેલાં દેશી રાજ્યો (૪) કંપનીના પટામાં ફેરફાર (૫) સુધારા.

પ્ર૦ શીખ સાથેના બીજા વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ મુલતાનના સુબા લાલા મુળરાજે તોફાન મચાવી અંગ્રેજ સરદાર મી૦ અગન્યુ તથા મી૦ એંડરસનને મારી નંખાવ્યા તેથી લડાઇ થઇ. અંગ્રેજ સરદાર એડવર્ડ તથા લોર્ડ ગોફ હતા, અને શીખ સરદાર શેરસીંગ, છત્રસીંગ અને મુળરાજ હતા. કીનેરી, સદુસેન અને રામનગર આગળ ઇ. સ. ૧૮૪૮ માં તથા ચાલીઅનવલા અને ગુજરાત આગળ ૧૮૪૯ માં લડાઇઓ થઇ. ચીલીઅનવલાની લડાઇમાં અંગ્રેજના ૩૮ અમલદાર અને ૬૦૦ સિપાઇઓ માર્યા ગયા. તેમજ ત્રણ પલટણના વાવટા તથા ૪ તોપો શીખ લોકોએ લઇ લીધી, પણ પાછળથી ઇ. સ. ૧૮૪૯ માં ગુજરાતની લડાઇમા લૉર્ડગોફે શીખ લશ્કરને સંપૂર્ણ હરાવ્યું, અને પંજાબ પ્રાંત ખાલસા કરી દુલિપસીંહને ૫ લાખ

૮૦ હજારનું વર્ષાસન બાંધી આપ્યું. તે ખ્રિસ્તી થઇ વિલાયતમાં રહેતા હતા.

પ્ર૦ પંજાબ પ્રાંતની વ્યવસ્થા કેવી રીતે કરી ?

ઉ૦ શીખ રાજાને સાલીઆણું બાંધી આપી તે પ્રાંતનો વહીવટ ચલાવવા સર જાન લોરેન્સ તથા સર રૉબર્ટ નેપીઅરને મુકયા. તેમણે ત્યાંની રૈયતપરના ભારે કર હલકા કરી તથા કેટલાક સુધારા દાખલ કરી ઘણું માન મેળવ્યું. લોકો પાસેથી હથીઆર લઇ લીધાં, અને દેશનો સારો બંદોબસ્ત કર્યો. શીખ લોકો આ રાજ્યથી એટલા બધા સુખી થયા, કે આગળ જતાં દેશી લશ્કરના બળવા વખતે નિમકહલાલી બતાવી બળવો બેસાડવામાં મદદગાર થયા.

પ્ર૦ બીજા બ્રહ્મી વિગ્રહ વિષે જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ રંગુનના સુબાએ અંગ્રેજ વેપારીઓને નુકસાન કર્યું તથા અંગ્રેજી અમલદારોનું અપમાન કરવા લાગ્યો, તેથી લૉર્ડ ડેલહાઉસીએ જન૦ ગોડવીન અને લેમ્બર્ટને ફોજ આપી મોકલ્યા તેમણે ૧૮૫૨ માં બ્રહ્મીરાજાને રંગુન અને પેગુ આગળ હરાવી પેગુ પ્રાંત ખાલસા કર્યો. રંગુન, અકયાબ, આમહર્સ્ટ વગેરે બંદરો અંગ્રેજી આશ્રય નીચે આવ્યા પછી ઘણાં આબાદ થયાં છે.

પ્ર૦ આ ગવર્નર જનરલે કયાં કયાં રાજ્ય ખાલસા કર્યાં ?

ઉ૦ કોઇ દેશી રાજા અપુત્ર મરી જાય તેને દત્તપુત્ર લેવાનો હક્ક બંધ કર્યો તથા જે રાજ્યમાં અંધેર ચાલતું હોય તેવાં રાજ્યો પણ ખાલસા કરી અંગ્રેજી સત્તા વધારી. તેણે ખાલસા કરેલાં રાજ્ય નીચે મુજબ.

મુલક.	સાલ.	કારણ
(૧) સતારા	૧૮૪૯	રાજા અપુત્ર મરવાથી.
(૨) પંજાબ	૧૮૪૯	લડાઇમાં હરાવી ખાલસા.
(૩) રંગુન	૧૮૫૨	બ્રહ્મી બીજા વિગ્રહમાં.
(૪) ઝાંસી	૧૮૫૩	રાજા અપુત્ર મરવાથી.
(૫) નાગપુર	૧૮૫૩	રાજા અપુત્ર મરવાથી.
(૬) વરાડ	૧૮૫૩	નિઝામ પાસેથી લશ્કરી ખર્ચ બદલ.
(૭) સંબલપુર	૧૮૫૩	રાજા અપુત્ર મરવાથી.
(૮) અયોધ્યા	૧૮૫૬	રાજ્યમાં અંધેર ચાલવાથી.
કર્ણાટક, પુના, તાંજોર	૧૮૫૩	રાજાઓ મરણ પામવાથી તેમના વારસોનાં પેન્શન બંધ કર્યાં.

પ્ર૦ કંપનીના પટામાં શા શા ફેરફાર થયા ?

ઉ૦ (૧) કંપનિમાં ૨૪ ડિરેક્ટરોને બદલે ૧૮ રાખ્યા. (૨) બંગાળામાં લેફ્ટેનેન્ટ ગવર્નર નીમ્યો (૩) સીવિલ સર્વિસની પરીક્ષા આપવાની હિંદીઓને છુટ મળી. (૪) કંપનિના પટાની મુદત મરજી મુજબ રાખી. (૫) સદર અદાલતો અને સુપ્રીમ કોર્ટો જોડી દીધી.

પ્ર૦ આ ગવર્નર જનરલે કયા કયા સુધારા કર્યાં ?

ઉ૦ (૧) ટપાલ ખાતામાં સુધારો કર્યો. (૨) રેલ્વે અને તાર પહેલ વહેલાં દાખલ થયાં. (૩) ગુનો મનાવનારને મારવાની મના કરી. (૪) ઇજનેર, શીતળા અને ખેતીવાડીખાતાં કાઢ્યાં. (૫) કેળવણી ખાતામાં સુધારો કર્યો. આ પ્રમાણે અમલ કરી ઇ. સ. ૧૮૫૬ માં સ્વદેશ ગયા, અને તેમની જગાએ લૉર્ડ કેનિંગ નીમાયા.

લોર્ડ કેનિંગ ૧૮૫૬—૧૮૬૨—૫.

પ્ર૦ તેમના વખતમાં જાણુવા લાયક કયા કયા બનાવ બન્યા ?

ઉ૦ (૧) દેશી લશ્કરનો બળવો (૨) ઇરાની વિગ્રહ (૩) ચિનાઈ બીજો વિગ્રહ (૪) હિંદી રાજ્યનો ફેરફાર.

પ્ર૦ બળવાનાં કારણ કહો.

ઉ૦ (૧) દેશી રાજાઓનો દત્તપુત્ર લેવાનો હક બંધ થવાથી દરેક રાજાને પોતાના રાજ માટે ચિંતા થઈ. (૨) લશ્કરી સિપાઈઓને હુકમ કરવામાં આવ્યો કે સરકાર જ્યાં મોકલે ત્યાં નોકરી કરવા જવું. (૩) રેલવે, તાર વગેરે દાખલ થવાથી અજ્ઞાન લોકોમાં આપણને વટલાવી ખ્રિસ્તી બનાવી વિલાયત લઈ જવાની ઉરાડેલી ગપ. (૪) રાઇફલમાં નાખવાની નવી કાર્તુસો દાંત વડે ખોલવાની આવી તેને એક છેડે ગાયની અને બીજે છેડે સુવરની ચરબી ચોપડેલી છે એવી અફવા ફેલાવાથી લશ્કરી માણસોના મન ઊંચાં થયાં. (૫) દાબમાં રાખી શકે તેવા બુદ્ધિમાન અમલદારોની ખોટ; આવાં કેટલાંક કારણોને લઈ બળવો થયો.

પ્ર૦ બળવામાં આગેવાનીભર્યો ભાગ લેનારા કોણ કોણ હતા ?

ઉ૦ (૧) બરાખપુર, કાનપુર, મીરતનું દેશી લશ્કર. (૨) બાજીરાવ પેશ્વાનો દત્તપુત્ર નાના સાહેબ. (૩) દિલ્હીનો બાદશાહ બહાદુરશાહ તથા તેના બે પુત્રો. (૪) અયોધ્યાની બેગમ. (૫) બરેલીનો નવાબ. (૬) તાત્યાટોપી. (૭) ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ (૮) નિરૂદ્યમી થએલું દેશી લશ્કર અને લુંટારા.

પ્ર૦ બળવો સમાવનાર સરદારોનાં નામ કહો.

ઉ૦ (૧) સરજૉન લૉરેન્સ (૨) હૅવલૉક (૩) હેન્રી લૉરેન્સ. (૪) સર હ્યુરોઝ (૫) નીલ (૬) કૅમ્પબેલ (૭) જન૦ ઑટ્રામ (૮) નીકલ્સન (૯) હડસન વગેરે સરદારો હતા.

પ્ર૦ બળવાની સામાન્ય હકીકત કહો.

ઉ૦ બરાખપુર, મિરત, કાનપુર વગેરે સ્થળોના સિપાઇઓને નવી કાર્તુસો આપવા માંડી તે લીધી નહિ. આથી તેમને બરતરફ કર્યા. તેથી તેમણે ઠેકાણે ઠેકાણે ખબર આપી બંડની શરૂઆત કરી અને બધા બળવાખોરો એકઠા થઇ દિલ્હી ગયા અને તે શહેર કબજે લઇ બાદશાહ બહાદુરશાહને ગાદીએ બેસાડી તેની આગેવાની નીચે બંડ ચાલુ રાખ્યું, પણ અંગ્રેજ સરદાર હડસન બહાદુરીથી તેની સામે થયો. એવામાં પંજાબથી શીખ લશ્કરની મદદ લઇ લોરેન્સના આવી પહોંચવાથી બળવાખોરોને નસાડી બાદશાહને કેદ કર્યો અને રંગુન મોકલાવ્યો તથા તેના બે કુંવરોને મારી નાખ્યા. કાનપુરમાં બળવાખોરોનો આગેવાન નાના સાહેબ બન્યો, અને તેણે ૪૫૦ અંગ્રેજોને અભય વરદાન આપી મારી નાખ્યા, પણ બહાદુર સરદાર હેવલોકે બળવાખોરોને વશ કર્યા. નાના સાહેબ પકડાયો નહિ, પણ નાશી ગયો. મધ્ય હિંદમાં બળવાખોરોનો આગેવાની ભર્યો ભાગ ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ તથા નાના સાહેબના ભત્રિજા તાત્યાટોપીએ લીધો. ઝાંસીની રાણી લડતાં લડતાં રણમાં પડી, અને તાત્યા સાહેબ પકડાયો તેને ૧૮૫૯ માં ફાંસી દીધી. સિંધિઆ, હોલ્કર, ગાયકવાડ, નિઝામ વગેરે રાજાઓએ તેમજ શીખ, ગુર્ખા વગેરે પ્રજાએ બળવો બેસાડવામાં સરકારને ઘણી કીંમતી મદદ

આપી પોતાની વફાદારી બતાવી આપી. આખરે ઇ. સ. ૧૮૫૮ માં બળવો શાન્ત થયો.

પ્ર૦ બળવા પછી હિંદની રાજ્યનીતિમાં શો ફેરફાર કર્યો ?

ઉ૦ (૧) હિંદનો કારભાર કંપનિ પાસેથી લઇ પાર્લમેન્ટે મહારાણીને સોંપ્યો. (૨) હિંદુસ્તાન ખાતે સેક્રેટરી નીમી તેને મદદ કરવા ૧૫ મેમ્બરની કૌંસીલ નીમી. (૩) હિંદના ગવર્નર જનરલને વૉઇસરાયનો ઇલ્કાબ આપ્યો. (૪) દરેક ઇલાકામાં હાઇકોર્ટો સ્થાપી (૫) કાયદા બનાવનારી સભામાં દેશી મેમ્બરોને દાખલ કર્યાં. (૬) કંપનિના ગોરા લશ્કરને બ્રિટિશ લશ્કરમાં જોડી દીધું.

પ્ર૦ મહારાણીના ઢંઢેરા વિષે શું જાણો છો ?

ઉ૦ દેશી રાજા અને રૈયતને શાન્ત કરવા માટે મહારાણીશ્રીએ નીચે પ્રમાણેનું ફરમાન બહાર પાડ્યું તેને હિંદનો **મેગ્નાચાર્ટા** કહે છે. (૧) દત્તપુત્ર લેવાની છૂટ આપવામાં આવે છે. (૨) નાત જાતનો ભેદ રાખ્યા સિવાય લાયકાત મુજબ નોકરી આપવામાં આવશે. (૩) તમામ જાતોને સરખી રીતે ઇન્સાફ આપવામાં આવશે. (૪) ધર્મ અથવા નાત સંબંધમાં સરકાર હાથ ઘાલશે નહિ. (૫) બળવામાં આગેવાનીભર્યો ભાગ લેનારને શિક્ષા કરવામાં આવશે. (૬) શરણે આવતા બળવાખોરોને માફી આપવામાં આવશે. (૭) કંપનિ સરકારે દેશી રાજ્યો સાથે કરેલા કોલકરારો અમે પાળીશું તેમજ પળાવીશું. આ ઢંઢેરો ઇ. સ. ૧૮૫૯ ના નવેમ્બર માસની પહેલી તારીખે દરેક મોટા શહેરમાં વાંચવામાં આવ્યો હતો.

પ્ર૦ બળવામાં થયેલા ખર્ચની ખોટ પુરી પાડવા માટે શા ઉપાય કર્યા ?

ઉ૦ બળવામાં આશરે ૫૦ કરોડ રૂપીઆ ખર્ચ થયું તે ખોટ પુરી પાડવા માટે વસુલાત ખાતાના ઉપરી મી૦ વિલ્સનને હિંદમાં મોકલ્યો તેણે (૧ ઇન્કમ (ઉપજ) ટેક્સ તથા લાઇસન્સ (અમુક વસ્તુઓ વેચવાનો પરવાનો) ટેક્સ નાખ્યા. (૨) નાણાને ઠેકાણે ચલણી નોટો દાખલ કરી.

પ્ર૦ ઇરાની વિગ્રહ વિષે જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ ઇ. સ. ૧૮૫૬ માં ઇરાની શાહે અંગ્રેજોને હેરાત જીતવામાં અડચણ કરી આથી જન૦ ઔટ્રામે જઇ ઇરાનીઓને હરાવી નરમ પાડયા. તેથી શાહે ૧૮૫૭ માં પેરી મુકામે સલાહ કરી.

પ્ર૦ ચિનાઇ બીજા વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ કેંતાનના સુબાએ અંગ્રેજ વેપારીઓને હરકત કરી તેમના માલને નુકસાન પહોંચાડયું તેથી ઇ. સ. ૧૮૫૭ માં ઈંગ્લાંડથી એલ્જીને જઇ ચીનાઓને હરાવ્યા અને હોંગકોંગ બેટ જીતી લીધો, અને ચીનના બંદરોમાં વેપાર કરવાની છુટ અપાવી. આ વૉઇસરાયના વખતમાં ૧૮૬૧ માં ફોજદારી કાયદો મંજુર થયો. આ ભલા વૉઇસરાયે બળવાના વીકટ સમયમાં પણ ધૈર્ય રાખી બંડખોરો પ્રતિ દયા બતાવી તેથી તે દયાળુ કેનિંગ કહેવાયા. તેઓ ઇ. સ. ૧૮૬૧ ની આખરે સ્વદેશ ગયા, અને તેમની જગાએ લૉર્ડ એલ્જીન સાહેબ આવ્યા.

લૉર્ડ એલ્જીન ૧૮૬૨–૧૮૬૩–૧.

પ્ર૦ આ વૉઇસરાયના વખતના જાણવા જેવા બનાવ કહો.

ઉ૦ (૧) ૧૮૬૧ ના કાયદાને આધારે હિંદુસ્તાનમાં ત્રણ દેશી ગૃહસ્થ અને ત્રણ અંગ્રેજ વેપારીઓની કૌંસીલ નીમી. (૨) વહાબી લોકોએ બંડ ઉઠાવ્યું તે સમાવ્યું. (૩) અમેરિકામાંથી ચાલતી લડાઈને લીધે ઈંગ્લાંડ રૂ નહિ જવાથી હિંદુસ્તાનના રૂના ભાવ વધી સારા આવ્યા. આ વાઈસરાય ૧૮૬૩ માં સીમલા પાસે ધર્મશાળા નામે ગામમાં મરી ગયા, અને તેમની જગાએ લૉર્ડ લારેન્સ આવ્યા.

લૉર્ડ લારેન્સ. ૧૮૬૩-૧૮૬૮-૫.

પ્ર૦ તેમના વખતમાં બનેલા મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) ભુતાન વિગ્રહ. (૨) ઓરીસા અને વાયવ્ય પ્રાંતમાં દુકાળ. (૩) પરચુરણ બનાવ. (૪) સુધારા.

પ્ર૦ ભુતાન વિગ્રહ વિષે શું જાણોછો ?

ઉ૦ ક્વાર પરગણું કબજે લેવા માટે લારેન્સે કેટલાક રૂપીઆ ભુતાનના રાજાને આપવા માંડયા, પણ તેણે આપ્યું નહિ, તેથી લડાઈ થઇ, તેમાં અંગ્રેજોને નુકસાન વેઠવું પડયું. છેવટે અંગ્રેજોએ ૨૫૦૦૦ રૂપીઆ આપવા કરી તે પરગણું કબજે લીધું.

પ્ર૦ આ વૉઇસરાયના સમયમાં કયાં કયાં દુકાળ પડયો ?

ઉ૦ ઇ. સ. ૧૮૬૬ માં ઓરીસામાં અને ઇ. સ. ૧૮૬૮ માં વાયવ્ય પ્રાંતમાં દુકાળ પડવાથી ઘણા માણસો મરણ પામ્યા. સરકારે કેટલાંક બાંધકામ કાઢી લોકોને દુકાળની પીડામાંથી મુક્ત કરવા પ્રયત્ન કર્યો.

પ્ર૦ કયા કયા પરચુરણ બનાવ બન્યા ?

ઉ૦ (૧) ગાયકવાડ તાબાના વાઘેર લોકોએ બંડ કર્યું, તે સમાવ્યું. (૨) ૧૮૬૩ માં કાબુલનો અમીર દોસ્તમહમદ મરણ પામતાં તેના દીકરા માંહોમાંહે લડયા તેમાં છેવટે શેરઅલ્લી ગાદીપર આવ્યો, તેને અમીર તરીકે કબુલ રાખ્યો. (૩) અમેરિકામાં ચાલતી લડાઇ બંધ થવાથી હિંદના રૂના ભાવ નરમ પડવાથી સટોરીઆને ઘણું નુકશાન વેઠવું પડયું. (૪) આબીસીનીઆના રાજા સાથે ૧૮૬૭ માં લડાઇ થતાં રાજાને હરાવી તેના કુંવરને ગાદી આપી.

પ્ર૦ આ વૉઇસરાયે કયા કયા સુધારા કર્યા ?

ઉ૦ (૧) લશ્કરને માટે કસરતશાળા સ્થાપી. (૨) અયોધ્યાના ખેડુતોની સ્થિતિ સુધારી. (૩) કોલેરાની ઉત્પત્તિ શોધી કાઢવા ડાક્તરો નીમ્યા. આ વૉઇસરાય ઇ. સ. ૧૮૬૮ માં વિલાયત ગયા, અને તેની જગાએ લૉર્ડ મેયો આવ્યા.

લૉર્ડ મેયો. ૧૮૬૯–૧૮૭૨–૩.

પ્ર૦ આ વૉઇસરાયના સમયના મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) અંબાલામાં દરબાર ભરી અમીર શેરઅલ્લીને માન આપ્યું, તથા તેમને સાલીઆણું બાંધી આપ્યું. (૨) મહારાણીશ્રીના બીજા કુંવર ડયુક ઑફ એડિનબરો હિંદમાં પધાર્યા તેમને હિંદી રાજા પ્રજાએ સારૂં માન આપ્યું. (૩) સુધારા. (૧) મીઠાની જકાતમાં સુધારો કર્યો. (૨) પ્રાંતવાર ઉપજ ખર્ચનો હિસાબ જુદો પાડયો. (૩) રેલવે અને નહેરોમાં સુધારા કર્યા. આ વૉઇસરાય સેલમના હુલ્લડમાં પકડાએલા કેદીઓની તપાસ કરવા અંદામાનમાં ગયા, ત્યાં કોઇ દુષ્ટ અફઘાન કેદીએ છરો મારી

મારી નાખ્યા. ૧૮૭૨. આ લૉર્ડસરાયે સુધારા કરી બેન્ટિક સાહેબની પેઠે માન મેળવ્યું. તેમની જગાએ લૉર્ડ નોર્થ-બ્રુક આવ્યા.

લૉર્ડ નોર્થબ્રુક ઇ. સ. ૧૮૭૨–૧૮૭૬–૪.

પ્ર૦ તેમના વખતના જાણવા લાયક બનાવ કહો.

ઉ૦ (૧) ઇ. સ. ૧૮૭૪ માં બંગાળામાં મોટો દુકાળ પડયો. તેના સંકટમાંથી રૈયતને બચાવવા માટે નહેર, સડક, તળાવ વગેરે બાંધકામ ઉઘાડી ઉદ્યોગે વળગાડયા. (૨) ગાયકવાડ કેસ–મહારાજા મલ્હારરાવ ગાયકવાડ ઉપર વડોદરા રેસીડન્ટ કર્નલફેરને ઝેર દીધાનું તહોમત આવ્યું; તેની તપાસ કરવા માટે ત્રણ દેશી અને ત્રણ યુરોપીઅન અધિકારીઓનું કમીશન નીમ્યું. દેશી ગૃહસ્થો (મહારાજા જ્યાજીરાવ સિંધિઆ, જેપુરના મહારાજા રામસિંગ, અને રાજા સર દિનકરરાવ હતા.) ને તે તહોમત ખોટું લાગ્યું, અને યુરોપીઅનોએ તે તહોમત સાબીત ગણ્યું. આવો મત ફેર હોવા છતાં તેમના રાજ્યમાં ઘણું અંધેર ચાલે છે, તથા રાજ્ય ચલાવવાને ના લાયક છે એમ ગણી તેમને ઇ. સ. ૧૮૭૫ માં પદભ્રષ્ટ કરી મદ્રાસમાં કેદ કર્યા, અને ત્યાં તેઓ ૧૮૮૨માં મરણ પામ્યા. વડોદરાની ગાદીએ હાલના નામદાર મહારાજા સયાજીરાવને ખંડેરાવ મહારાજાના વિધવા રાણી પાસે દત્તક લેવડાવી ગાદી સોંપી. (૩) મહારાણી શ્રી વિકટોરીઆના પાટવી કુંવર પ્રિન્સ ઑવ વેલ્સ હિંદમાં પધાર્યા ઇ. સ. ૧૮૭૫. તેમને દેશી રાજા રૈયત તરફથી સારો સત્કાર મળ્યો. વિલાયત-માં પ્રધાનમંડળ બદલાયાથી પોતાની મુદત પુરી થતા પહેલાં

વૉઇસરાય વિલાયત ગયા, અને તેમની જગાએ લૉર્ડ લીટન સાહેબ આવ્યા ૧૮૭૬.

લૉર્ડ લીટન ઇ. સ. ૧૮૭૬–૧૮૮૦–૪.

પ્ર૦ તેમના સમયના મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) દિલ્હી દરબાર. (૨) મદ્રાસ ઇલાકાને દુકાળ (૩) અફઘાન બીજો વિગ્રહ.

પ્ર૦ દિલ્હી દરબાર વિષે શું જાણો છો ?

ઉ૦ ઇંગ્લાંડની પાર્લમેન્ટે મંજુરી આપવાથી મહારાણીશ્રીએ દિલ્હીમાં દબદબાભર્યો ભવ્ય દરબાર ભરી " કૈસરે હિંદ " નું પદ ધારણ કર્યું.

પ્ર૦ તેમના સમયમાં પડેલા દુકાળની જાણવા લાયક હકીકત કહો.

ઉ૦ મદ્રાસ અને મુંબાઇ ઇલાકામાં ભારે દુઃકાળ પડયો. તેમાં ભૂખમરાથી મરતાં માણસો બચાવવાને ઘણી મહેનત કરી તોપણ ૫૧ાા લાખ માણુસ મરણ પામ્યાં, અને ૧૧ કરોડ રૂપીઆ ખર્ચ થયું તે પુરૂં પાડવાને તથા ફરીને તેવી આફતમાંથી બચવા માટે લાઇસન્સ ટેક્સ તથા ધંધા રોજગાર ઉપર વેરા નાખ્યો. મુંબાઇ મદ્રાસમાં મીઠાની જકાતમાં વધારો કર્યો. દારૂ, તાડી, અફીણ, જંગલ વગેરેના ઇજારા કરી ઉપજ વધારી અને ગેગ-ટીંગ ઍક્ટ કરી વર્ત્તમાન પત્ર ઉપર અંકુશ નાખ્યો. દેશીઓને હથિઆર નહિ રાખવાનો કાયદો કર્યો. વિલાયતી માલ પરની જકાત કાઢી નાખી.

પ્ર૦ અફઘાન બીજા વિગ્રહ વિષે શું જાણો છો ?

ઉ૦ અંબાલામાં દરબાર ભરી શેરઅલ્લીને અમીર માની દરવર્ષે ૧૨ લાખ રૂપીઆ આપવાનો લીટને ઠરાવ કર્યો હતો. છતાં અમીરે બેવફા થઇ રૂશિઅન એલચીને માન આપ્યું અને અંગ્રેજ એલચીને પોતાના મુલકમાં પેસવા દીધો નહિ, આથી લડાઇ થઇ. ઇ. સ. ૧૮૭૮માં અંગ્રેજી લશ્કર ખૈબર, બોલન અને કુરૂમઘાટને રસ્તે અફઘાનિસ્તાનમાં દાખલ થયું. તેમણે કાબુલ, ગીજની, કંદહાર ને જલાલાબાદ જીતી લીધાં. અમીર તુર્કસ્તાન તરફ નાઠો અને ત્યાંજ મરણ પામ્યો. તેની જગાએ તેનો દીકરો યાકુબખાન અમીર થયો તેણે અંગ્રેજો સાથે સલાહ કરી પણ ઇ. સ. ૧૮૩૯ની માફક પાછળથી યાકુબખાને અંગ્રેજ રેસીડન્ટ સરલુ ઇકાવા-ચારીને તેના રસાલા સાથે દગાથી મારી નંખાવ્યો. તેથી ફરીથી જઇ યાકુબખાનને હરાવી કેદ પકડી હિંદમાં આણ્યો, અને તેના દીકરા અબદુલ રહેમાનને ગાદી આપી. અફઘાન વિગ્રહ ચાલતો હતો તેવામાં પ્રધાનમંડળ બદલાવાથી લોટન સાહેબ રાજીનામું આપી વિલાયત ગયો અને તેમની જગાએ લીબરલ પક્ષના લોકપ્રિય લૉર્ડ રીપન સાહેબ આવ્યા ઇ. સ. ૧૮૮૦.

લૉર્ડ રીપન ઇ. સ. ૧૮૮૦–૧૮૮૪–૪.

પ્ર૦ રીપન સાહેબના સમયના મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) અફઘાન વિગ્રહનો અંત (૨) સુધારા.

પ્ર૦ અફઘાન વિગ્રહનો કેવી રીતે અંત આણ્યો ?

ઉ૦ અફઘાન વિગ્રહમાં થતો હજારો માણસનો નાશ, અને લખલૂટ થતો ખર્ચ જોઇ તેમજ આબરૂભેર પાછા આવવું. એવો

તેમનો વિચાર હતો. તે આવ્યા તે સમયે યાકુબખાનના ભાઇ અયુબખાને હેરાતમાં બંડ કર્યું તે સમાવવા કંદહારનું લશ્કર ગયું, પણ તેને હરાવી અયુબખાને કંદહારને ઘેરો ઘાલ્યો, તેથી કાબુલથી જન૦ રોબર્ટ સેલે જઈ અફઘાનોને હરાવ્યા અને અયુબને નસાડ્યો તથા દોસ્તમહમદના વંશજ અબદુલ રહેમાનને ગાદી આપી લશ્કર પાછું આવ્યું. ઇ. સ. ૧૮૮૧.

પ્ર૦ તેમણે કયા કયા સુધારા કર્યા ?

ઉ૦ (૧) અફઘાન લડાઈમાં થએલા ૨૦ કરોડના ખર્ચમાંથી ચોથા ભાગનો ખર્ચ ઇંગ્લાંડ પાસેથી અપાવ્યો. (૨) મીઠાના કરમાં ઘટાડો કર્યો. (૩) લોકલ સેલ્ફ ગવર્મેંટ એટલે મ્યુનિસિપાલિટી સ્થાપવાનો ધારો કરી લોકોને રાજકાજમાં ભાગ લેતા કર્યા. (૪) વર્તમાનપત્રોને છૂટ આપી. (૫) ખાનગી શાળાઓને ગ્રાન્ટ આપવાનો ધારો કર્યો. (૬) મ્હૈસુરના મહારાજા પુખ્ત વયના થવાને લીધે તેમનું રાજ્ય તેમને પાછું સોંપ્યું. (૭) દશ દશ વર્ષે વસ્તીપત્રક કરવાનો ધારો કર્યો. (૮) નીચ લોકોના સુખને માટે મહુડાંનું બીલ રદ કર્યું. (૯) દેશી માલ સરકારી ખાતામાં વાપરવાનો ઠરાવ કર્યો. (૧૦) દેશી જડજો યુરોપિઅન તહોમતદારનો ઇન્સાફ કરે એવો ઠરાવ કર્યો. (૧૧) નાણાં ખાતામાં સુધારો કર્યો. (૧૨) નેશનલ કોંગ્રેસની સભા ઠરાવી. આવા આવા ઘણા સુધારા કરી પ્રજા તરફનું ઘણું માન પામી ઇ. સ. ૧૮૮૪માં આ ભલા વૉઇસરાય વિલાયત ગયા, અને તેમની જગાએ લૉર્ડ ડફરીન આવ્યો.

લૉર્ડ ડફરીન ૧૮૮૪–૧૮૮૮–૪.

પ્ર૦ આ વૉઇસરાયની કારકીર્દીનું વર્ણન કરો.

ઉ૦ (૧) ઇ. સ. ૧૮૮૭ માં રાવળપીંડીમાં દરબાર ભરી અફઘાની-સ્તાનના અમીર અબદુલ રહેમાનને અંગ્રેજ પક્ષમાં રહેવાની શરતે બાર લાખનું વર્ષાસન ઠરાવી આપ્યું. (૨) બ્રહ્મદેશના રાજા થીબો સાથે વાંકું પડવાથી ઇ. સ. ૧૮૮૫ માં લડાઇ થઇ તેમાં થીબોને હરાવી બ્રહ્મદેશ ખાલસા કરી રાજાને રત્નાગીરીમાં કેદ કર્યો. (૩) ખર્ચનો વધારો અને નવાકર સરહદ પર બચાવ માટે બાંધકામ કરવા માંડયું તેથી ખર્ચ વધી પડયું. તે પુરૂં પાડવા માટે મીઠાના કરમાં વધારો કર્યો. ઇન્કમટેક્સ નાખ્યો, અને સરકારી ખાતામાં ખર્ચ કમી કર્યું. (૪) દેશી રાજ્યોમાં બનાવ. ઇ. સ. ૧૮૮૬ માં સિંધિઆ અને હોલ્કર સરકાર મરણ પામતાં હોલ્કરની ગાદીએ બાળા સાહેબ અને સિંધિઆ સરકાર નાની ઉમરના હોવાથી પંચ મારફત વહીવટ ચલાવવા માંડયો. (૫) દેશી રાજ્યોમાં અંગ્રેજ દિવાન રાખવાની છુટ આપી. (૬) ઇ. સ. ૧૮૮૭માં મહારાણીશ્રી ઈંગ્લાંડની ગાદીએ રાજ્ય કરતાં ૫૦ વર્ષ થયાં તેના ઉત્સાહમાં હિંદમાં ઘણે સ્થળે જ્યુબીલી મહોત્સવ ઉજવવામાં આવ્યો, અને લોકોએ પોતાની વફાદારી બતાવી આપી. આ વૉઇસરાયની મુદત ઇ. સ. ૧૮૮૮ માં પૂરી થતાં તે વિલાયત ગયા અને તેમની જગાએ લેન્સડાઉન આવ્યો.

લૉર્ડ લેન્સડાઉન ૧૮૮૮—૧૮૯૩—૫.

પ્ર૦ આ વૉઇસરાયના વખતના જાણવા લાયક બનાવ કહો.

ઉ૦ (૧) કાસ્મીરના મહારાજાને રાજ્ય ખટપટથી પદભ્રષ્ટ કરી રાજ્ય કારભાર ચલાવવા પંચ નીમ્યું. ઇ. સ. ૧૮૮૯ (૨) મણિપુરના રાજાએ તોફાન કરી બ્રિટિશ રેસીડન્ટને મારી નાખવાથી

તેને હરાવી રાજ્ય તેના પિત્રાઇઓમાંના એક પાંચ વર્ષના બાળકને આપી રાજ્ય કારભાર પંચ મારફત ચલાવવા માંડયો. (૩) પરસુરાણુ બનાવો. સંમતિવયનો કાયદો પસાર કર્યો. મુંબઇ તથા મદ્રાસ ઇલાકાના કેટલાક ભાગમાં દુકાળ પડવાથી સરકારે બાંધકામ ઉઘાડી દુકાળીઆઓને બચાવ્યા. ઇંગ્લાંડની પાર્લમેન્ટમાં લોકપ્રિય દાદાભાઇ નવરોજજી મેમ્બર નીમાયા. ૧૮૯૩ માં વાઇસરાય અને ગવર્નરની ધારાસભામાં કેટલાક પ્રજા તરફના મેમ્બરો નીમાવાનો ઠરાવ થયો. આજ વર્ષમાં અબદુલ રહેમાનને ૧૨ લાખને બદલે ૧૮ લાખનું સાલીઆણું કરી આપ્યું, અને આ વૉઇસરાયની મુદત પૂરી થતાં ઇ. સ. ૧૮૯૩ માં વિલાયત ગયા, અને તેમની જગાએ લૉર્ડ એલ્જીન સાહેબ આવ્યા.

લૉર્ડ એલ્જીન ઇ. સ. ૧૮૯૪—૧૮૯૯—૫.

પ્ર૦ તેમની હાકમીના સમયનું ટુંક વર્ણન કરો.

ઉ૦ ઇ. સ. ૧૮૯૬ માં વરસાદની તાણને લીધે હિંદના ઘણા ભાગમાં દુઃકાળ પડયો તેથી સરકારે બાંધ કામ ઉઘાડી દુકાળીઆનું રક્ષણ કર્યું. (૨) બ્યુબોનિક પ્લેગ (ગાંઠીઆ તાવ) નો રોગ શરૂ થઇ મુંબઇ, થાણા, સુરત, કરાંચી, કલકત્તા વગેરે સ્થળે ફેલાયો (૩) મહારાણીશ્રીને ૧૮૯૭ માં રાજ્ય કરતાં ૬૦ વર્ષ થયાં તેના આનંદમાં ડાયમંડ જ્યુબીલીનો મહોત્સવ પાળ્યો (૪) સરહદ પરના પહાડી લોકોએ તોફાન કર્યું તેમને હરાવી તાબે કર્યા. તેમાં હિંદને ઘણું ખર્ચ વેઠવું પડયું (૫) ૧૮૯૮ માં વર્તમાન પત્રો ઉપર અંકુશ મુકયો. આ વૉઇસરાય ૧૮૯૯ માં સ્વદેશ ગયા, અને તેમની જગાએ લૉર્ડ કર્ઝન આવ્યા.

લૉર્ડ કર્ઝન ઇ. સ. ૧૮૯૯—૧૯૦૬-૭.

પ્ર૦ આ વૅાઇસરાયના સમયનું ટૂંક વર્ણન કરો.

ઉ૦ (૧) સને ૧૮૯૯ એટલે સંવત ૧૯૫૬ માં હિંદના પશ્ચિમ ભાગમાં ભયંકર દુઃકાળ પડયો. દુકાળીઆના બચાવ માટે સરકારે ઠેકાણે ઠેકાણે બાંધકામ ઉઘાડી લોકોને મદદ કરી. (૨) યુરોપથી આવતી ખાંડ ઉપર જકાત નાખી દેશી ખાંડના ઉદ્યોગને ઉત્તેજન આપ્યું. (૩) ઇંગ્લાંડને આફ્રિકાના ટ્રાન્સવાલના સ્વતંત્ર સંસ્થાન સાથે લડાઇ થતાં હિંદી લશ્કર મોકલાવ્યું (૪) ચીનમાં ખ્રીસ્તિ લોકોની કતલ થવાથી યુરોપી રાજ્યોનાં લશ્કર ચીન ઉપર ગયાં, તે વખતે પણ અત્રેથી દેશી લશ્કર મોકલવામાં આવ્યું. (૫) સને ૧૯૦૧ માં મહારાણીશ્રી વિક્ટોરિઆનો સ્વર્ગવાસ થયો, તેથી તેમના વડા પુત્ર " શહેનશાહ સાતમા એડવર્ડ " ગાદી પર આવ્યા, (૬) સને ૧૯૦૧ માં થોડો વારસાદ થયો તથા પુષ્કળ ઉંદર પડવાથી પાકને પુષ્કળ નુકસાન થયું (૭) સને ૧૯૦૨ માં શહેનશાહ ૭ મા એડવર્ડનો ઇંગ્લાંડમાં રાજ્યભિષેક થયો, અને સને ૧૯૦૩ ના જાનેવારીની તા. ૧ લીએ હિંદમાં ભવ્ય દરબાર ભરી શહેનશાહના રાજ્યાભિષેકનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. (૮) ઇન્કમટેક્સ ૫૦૦ રૂપીઆની આવક પર હતો તે બંધ કરી ૧૦૦૦ ના આવક પર ઠરાવવામાં આવ્યો. (૯) તિબેટ તથા ઇરાન સાથે વેપારના કરાર કર્યા. (૧૦) જાપાન અને રૂશિઆને લડાઇ થતાં જાપાને રૂશિઆને નમાવ્યું. (૧૧) બંગાળાના ભાગલા પાડયા. આથી બંગાળી પ્રજાનાં મન દુખાયાં. આ વૅાઇસરાય ઇ. સ. ૧૯૦૬ માં સ્વદેશ ગયા અને તેમની જગાએ લૅાર્ડ મિન્ટો આવ્યા.

લૉર્ડ મિન્ટો ૧૯૦૬--૧૯૧૧-૫.

પ્ર૦ લૉર્ડ મિન્ટોના સમયના મુખ્ય બનાવ કહો.

ઉ૦ (૧) પાટવી કુંવર પ્રિન્સ ઑવ વેલ્સ તેમનાં ધર્મપત્ની સાથે હિંદમાં પધાર્યા, તેમને દેશની પ્રજાએ માન આપી રાજ્યભક્તિ બતાવી આપી. (૨) હિંદી પ્રધાનની કૌંસીલમાં આ દેશના બે મેમ્બરની નીમનોક કરી અને રાજકીય સુધારો કરવા માટે કમીશન નીમ્યું (૩) સને ૧૯૦૯ માં લોકોને રાજકાજમાં માહીદગાર થાય એવા શુભ હેતુથી ઇલાકાની અને મુખ્ય સરકારની કૌંસીલમાં હિંદી પ્રજા તરફના વધારાના સલાહકારો નીમાયા, તથા વૉઇસરાયની કૌંસીલમાં એક દેશી મેમ્બર નીમાયો. (૪) ૧૯૧૦ માં લોકપ્રિય શહેનશાહ સાતમા એડવર્ડ સ્વર્ગવાસી થવાથી તેમની જગાએ હાલના નામદાર મહારાજા શહેનશાહ ૫ મા જ્યોર્જ ગાદીએ બેઠા. લૉર્ડ મિન્ટો સને ૧૯૧૧ માં વિલાયત ગયા, અને તેમની જગાએ લૉર્ડ હાર્ડિંજ સાહેબ પધાર્યા.

લૉર્ડ હાર્ડીંજ ૧૯૧૧—૧૯૧૬-૫.

પ્ર૦ આ વૉઇસરાયના સમયનું વર્ણન કરો.

ઉ૦ (૧) આપણા હાલના નામદાર શહેનશાહ ૫ મા જ્યોર્જ પોતાનાં ધર્મપત્ની મહારાણી મેરી સાથે હિંદમાં પધાર્યા, અને સને ૧૯૧૧ ના ડિસેમ્બરની ૧૨ મી તારીખે હિંદના પ્રાચીન પાટનગર દિલ્હીમાં ઘણાજ ઠાઠમાઠથી ભરતખંડના ચક્રવર્તી મહારાજા તરીકે ગાદીપર બેઠા. ઇંગ્લાંડના શહેનશાહો હિંદમાં રાજ્યાભિષેક કરાવે એવો આ પ્રથમનોજ શુભ પ્રસંગ હોવાથી હિંદી પ્રજા ઘણીજ ખુશ થઇ.

પ્ર૦ આ માંગલિક પ્રસંગે હિંદી પ્રજાને કયા કયા લાભ મળ્યા ?

ઉ૦ (૧) કેળવણીમાં વધારો કરવા માટે દર વર્ષે ૫૦ લાખ રૂપીઆ બાદશાહી ગ્રાન્ટ આપવાનો ઠરાવ કર્યો (૨) કલકત્તાથી પાટનગર બદલી આખા દેશને અનુકુળ પડતું દિલ્હી રાજધાનીનું નગર બનાવ્યું. (૩) બંગાળાના ભાગલા રદ કરી બંગાળી પ્રજાનાં મન મનાવ્યાં. (૪) નાનાં દેશી રાજ્યો પાસે સરકારનું લેણું હતું તે માફ કરાવ્યું. (૫) સો રૂપીઆના કરજદારો ગરીબાઇને લીધે કેદમાં હતા તેમને છોડી મૂકી દેવું સરકારે પતાવ્યું.

પ્ર૦ સને ૧૯૧૪ માં જાણવા લાયક શો બનાવ બન્યો ?

ઉ૦ યુરોપખંડમાં આસ્ટ્રીઆએ કોઇક કારણસર સર્વિઆ સાથે લડાઇ જાહેર કરી તેથી રૂશિઆ સર્વિઆનો પક્ષ પકડી આસ્ટ્રીઆ સામે થયું. તેથી જર્મનીએ આસ્ટ્રીઆનો પક્ષ પકડી બેલ્જીઅમને રસ્તે ફ્રાન્સ પર ચઢાઇ કરી. આથી ફ્રાન્સ, ઇંગ્લાંડ, ઇટાલી, રોમાનીઆ વગેરે રાજ્યોએ રૂશિઆનો પક્ષ લઇ જર્મની સામે લડાઇ જાહેર કરી તેમજ સામા પક્ષમાં જર્મની, આસ્ટ્રીઆ, તુર્કસ્તાન, બલ્ગેરીઆ વગેરે રાજ્યો છે. હાલમાં આ મહાભારત યુદ્ધની અસર આખી દુનિઆપર થઇ વેપાર ધંધાને ઘણું નુકશાન પહોંચાડે છે. જર્મનીના અન્યાયી વર્તન તેમજ મધ્યસ્થ રાજ્યોને પણ નુકશાન કરવાની રાજનીતિ હોવાથી યુનાઇટેડસ્ટેટ્સ અને દક્ષિણ અમેરિકાનાં કેટલાંક રાજ્યોએ પણ જર્મની સામે લડાઇ જાહેર કરી છે. આપણા પક્ષમાં સત્ય અને ન્યાય હોવાથી પરમાત્મા આપણા મહારાજાને વિજય અપાવી આ મહાભારત યુદ્ધનો વેળાસર અંત લાવે તેવી તેના પ્રતિ

નમ્ર વિનંતી છે. સને ૧૯૧૬માં આપણા લોકપ્રિય વાઇસરાય હાર્ડિંજ સાહેબ પ્રજા તરફની શુભ આશિષ મેળવી વિલાયત ગયા, અને તેમની જગાએ લોર્ડ ચેમ્સફર્ડ સાહેબ આવ્યા. તેઓ પોતાની ઉદાર રાજનીતિ બતાવી હિંદી પ્રજાનું હિત કરવા પ્રયત્નશીલ થાઓ અને હિંદી પ્રજા તરફથી અપૂર્વ માન મેળવો.

ગવર્નર જનરલો.

વોરન હેસ્ટીંગ્સ	૧૭૭૪—૧૭૮૫—૧૧
મેકફર્સન	૧૭૮૫—૧૭૮૬—૧
કાર્નવાલીસ પહેલીવાર	૧૭૮૬—૧૭૯૩—૭
સરજાનશોર	૧૭૯૩—૧૭૯૮—૫
માર્કિસ ઓફ વેલેસ્લી	૧૭૯૮—૧૮૦૫—૭
કાર્નવાલીસ બીજીવાર	૧૮૦૫—૧૮૦૪—૦
સર જ્યોર્જ બાર્લો	૧૮૦૫—૧૮૦૭—૨
લૉર્ડ મિન્ટો	૧૮૦૭—૧૮૧૩—૬
લૉર્ડ હેસ્ટિંગ્સ (મોયરો).	૧૮૧૪—૧૮૨૩—૯
લૉર્ડ આમ્હર્સ્ટ	૧૮૨૩—૧૮૨૮—૫
લૉર્ડ વિલયમ બેન્ટિક	૧૮૨૮—૧૮૩૫—૭
મેટકાફ	૧૮૩૫—૧૮૩૬—૧
આકલાંડ	૧૮૩૬—૧૮૪૨—૬
એલનબરો	૧૮૪૨—૧૮૪૪—૨
હાર્ડીંગ	૧૮૪૪—૧૮૪૮—૪
ડેલહૌસી.	૧૮૪૮—૧૮૫૬—૮

વૉઇસરાય.

કેનિંગ	૧૮૫૬—૧૮૬૨—૬
એલ્જીન	૧૮૬૨—૧૮૬૩—૧
લૉરેન્સ	૧૮૬૩—૧૮૬૮—૫
મેયો	૧૮૬૯—૧૮૭૨—૩
નૉર્થબ્રુક	૧૮૭૨—૧૮૭૬—૪
લીટન	૧૮૭૬—૧૮૮૦—૪
રીપન	૧૮૮૦—૧૮૮૪—૪
ડફ્રીન	૧૮૮૪—૧૮૮૮—૪
લેન્સડાઉન	૧૮૮૮—૧૮૯૩—૫
એલ્જીન	૧૮૯૪—૧૮૯૯—૫
કર્ઝન	૧૮૯૯—૧૯૦૬—૭
મીન્ટો	૧૯૦૬—૧૯૧૧—૫
હાર્ડીંજ	૧૯૧૧—૧૯૧૬—૫
ચેમ્સફર્ડ	૧૯૧૬ હાલ છે,

જાણવા લાયક ઉપયોગી હકીકત.

અંગ્રેજી અમલ થયા પછી થએલાં બંડો.

(૧) વેલોરનું બંડ–૧૮૦૬ (સરજ્યોર્જબાર્લો).
(૨) સુડતાળીસમી દેશી પલટણનો બળવો. ૧૮૨૫ (આમ્હર્સ્ટ),
(૩) ૧૮૫૭ નો બળવો (લોર્ડકેનિંગ)

હિંદી પ્રજામાં બીજી પ્રજાની રહેલી અસરો.

(૧) ગ્રીક અસર—(૧) દેવળોમાં જોવામાં આવતું કોતરણી કામ

(૨) બૌદ્ધ પુતળાંના ચહેરા ગ્રીક ઘાટના છે. (૩) ખગોળ વિદ્યામાં રમળના પાસા જોવાની રીત. (૪) લશ્કરી કવાયત. (૫) દહેરાંના ઘુમટ અને બંદુકની બનાવટ.

(૨) **અનાર્ય અસર**—(૧) સમીપૂજન, કાંટાકોળું અને નાળીએર હોમવાની ક્રિયા (૨) અણુઘડ પત્થર અને લાકડાના ઠુંઠાની પુજા (૩) પાડા, બકરાં અને મનુષ્યોના બળિદાન આપવાની રીત.

(૩) **શક લોકોની અસર**—(૧) લિંગપુજા અને નાગપુજા (૨) કાઠી, જાટ, રજપુતો શકલોકોના વંશજ હોવાનું અનુમાન કરે છે.

(૪) **બૌદ્ધ ધર્મની અસર**—(૧) ઓરિસાના મઠ બૌદ્ધ અપાસરા જેવા છે. (૨) પાંજરાપોળો, દવાખાનાં, દાન આપવાની રીત તથા મુંગાં પ્રાણીઓને પાળવાની રીત (૩) માંસાહારને બદલે વનસ્પતિનો અહાર (૪) જગન્નાથમાં રથયાત્રાનો મહોત્સવ.

(૫) **મુસલમાનોની અસર**—(૧) સ્ત્રીઓને ઓઝલ પડદે રાખવાનો રીવાજ (૨) નાતોના પેટા વિભાગો (૩) બાળલગ્ન (૪) બહાર દેશથી કન્યા આપવા લેવાના રિવાજની બંધી (૫) પુસ્તકોની અછતને લીધે વિદ્યાકળાની પડતી.

પરદેશી હુમલા.

(૧) ઇ. સ. પૂ. ૧૫૦૦ સિરિઆની રાણી સેમીરામિસે સ્વારી કરી, તેને યુધિષ્ઠિરના વંશજોએ હરાવી.

(૨) ઇ. સ. પૂ. ૧૩૦૮ મિસરના રાજા સિસોસ્ત્રીસે સ્વારી કરી તેને સહદેવના વંશજોએ હરાવી.

(૩) ઇ. સ. પૂ. ૫૧૮ ઇરાનના રાજા દરવેશગુસ્તાપે સ્વારી કરી પંજાબનો કેટલોક ભાગ જીતી લીધો.

(૪) ઇ. સ. પુ. ૩૨૭ ગ્રીસ દેશના મહાન સિકંદરે સ્વારી કરી. પંજાબમાં કેટલીક જગાએ થાણાં બેસાડયાં.

(૫) ઇ. સ. પૂ. ૩૧૨ સેલ્યુકસે કાશ્મીરપર સ્વારી કરી, પણ ચંદ્રગુપ્તે હરાવ્યો.

(૬) ઇ. સ. પૂ. ૧૮૧–૧૬૧ બાકત્રીઆના ગ્રીક લોકોની સ્વારી.

(૭) ઇ. સ. પૂ. ૧૦૦ થી ઇ. સ. ૫૦૦ શક લોકોએ સ્વારી કરી સિંધમાં રાજ્ય સ્થાપ્યું.

(૮) ઇ. સ. ૬૩૬ માં ઉસ્માને ભરૂચ પર સ્વારી કરી, પણ હાર્યો.

(૯) ૬૬૨–૬૬૪ મુસલમાનોની સિંધ પર સ્વારી, પણ હાર્યા.

(૧૦) ૭૧૨માં મહમદકાસમે સિંધ પર સ્વારી કરી દાહીરને હરાવી સિંધ પ્રાંત જીત્યો.

(૧૧) ૯૭૭માં સબક્તગીને પંજાબપર સ્વારી કરી ત્યાંના રાજાને હરાવ્યો.

(૧૨) ૧૦૦૧ થી ૧૦૨૪ સુધીમાં મહમદ ગીઝનવીની હિંદ પર ૧૭ સ્વારીઓ કરી પુષ્કળ દ્રવ્ય લઇ ગયો.

(૧૩) ૧૧૭૬ થી ૧૨૦૨ સુધીમાં શાહબુદ્દીન (મહંમદ) ગોરીએ નવ સ્વારીઓ કરી ઘણાં રાજ્ય તાબે કર્યાં.

(૧૪) ૧૨૧૭માં મોગલરાજા જંઘીસખાને સ્વારી કરી.

(૧૫) ૧૨૯૭–૧૩૦૪ મોગલોએ અલ્લાઉદ્દીન ખીલજીના વખતમાં ૭ હુમલા કર્યા.

(૧૬) ૧૩૯૮ માં સમરકંદના રાજા તૈમુરે ૧૩૯૮ માં સ્વારી કરી હજારો ગામ બાળ્યાં, લુંટયાં અને કતલ કરી.

(૧૭) ૧૫૨૬ બાબરે સ્વારી કરી ઇબ્રાહીમને હરાવી રાજ્ય લઇ લીધું.

(૧૮) ૧૭૩૮માં ઇરાનના રાજા નાદિરશાહે મહંમદ રંગીલાપર સ્વા- રી કરી હરાવી ઘણું દ્રવ્ય લુંટયું તથા નિર્દોષ રૈયતની કતલ કરી.

(૧૯) ૧૭૪૭–૧૭૬૧ સુધીમાં અહમદદુરાનીએ હિંદપર પાંચ સ્વા- રીઓ કરી.

સલાહ (કોલકરાર).

(૧) એલાશાપેલ–૧૭૪૮ અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે (૧) એક બીજાનો લીધેલો મુલક પાછો આપવો. (૨) હિંદુસ્થાનમાં બન્ને પ્રજાએ સંપસંપીને રહેવું.

(૨) મદ્રાસ–૧૭૫૪. અંગ્રેજને ફ્રેંચ વચ્ચે (૧) એક બીજાનો મુલક પાછો આપવો. (૨) દેશી રાજ્યોના ઝગડામાં પડવું નહિ. (૩) નવાબ તથા નિઝામને એક બીજાએ કબુલ રાખવા.

(૩) કલકત્તા–૧૭૫૭. સુરાજ ઉદ્દૌલા અને કલાઇવ વચ્ચે (૧) ન- વાબે કલકત્તાનો કિલ્લો બાંધવાની પરવાનગી આપવી (૨) બં- ગાળાનાં થાણાં અંગ્રેજને સોંપવા (૩) અંગ્રેજી માલનું દાણ માફ કરવું (૪) કંપનિને નુકસાનીનો બદલો આપવો.

(૪) પુના–૧૭૬૪. નિઝામ અને માધવરાવ પેશ્વા (૧) નિઝામે ૩૨ લાખ રૂપીઆ પેશ્વાને આપવા (૨) એક બીજાને સંકટ વખતે અરસપરસ મદદ કરવી.

(૫) મદ્રાસ–૧૭૬૯ હૈદર અને અંગ્રેજ (૧) એક બીજાનો લીધેલો મુલક પાછો આપવો (૨) સંકટ વખતે સામસામે મદદ કરવી.

(૬) સુરત–૧૭૭૫ રાઘોબા ને મુંબાઇ સરકાર (૧) અંગ્રેજે રાઘોબાને ગાદી અપાવે (૨) ગાદી મળ્યાના બદલામાં રાઘોબાએ વસાઇ ને સાષ્ટી બેટ અંગ્રેજને આપવા.

(૭) પુરંધર–૧૭૭૬ પેશ્વા અને અંગ્રેજ (૧) અંગ્રેજોએ રાઘોબાનો પક્ષ છોડી દેવો તે બદલ પેશ્વા વસાઇ અને સાષ્ટી બેટ અંગ્રેજને આપે.

(૮) વારગામ–૧૭૭૯ પેશ્વા અને અંગ્રેજ (૧) અંગ્રેજોએ પેશ્વાનો મુલક પાછો આપવો, (૨) ભરૂચ સિંધિઆને આપવું. (૩) આ સરતો પાળતા સુધી બે અંગ્રેજ પેશ્વાને કબજે સોંપવા.

(૯) સાલબાઇ–૧૭૮૨ મરેઠા અને અંગ્રેજ વચ્ચે (૧) પેશ્વાએ રાઘોબાને ૨૫ હજારનો પગાર આપવો (૨) અંગ્રેજને સાષ્ટી અને વસાઇ આપવા (૩) અંગ્રેજને પોર્ટુગીઝ સિવાય કોઇ પણ યુરોપી પ્રજાને મરાઠી રાજ્યમાં રહેવા દેવી નહિ.

(૧૦) મેંગલોર–૧૭૮૪ ટીપુ અને અંગ્રેજ વચ્ચે (૧) ટીપુએ અંગ્રેજ કેદીઓને છોડી દેવા (૨) સંપસંપીને રહેવું (૩) એક બીજાનો લીધેલો મુલક પાછો આપવો.

(૧૧) શ્રીરંગપટ્ટણ–૧૭૯૨ ટીપુ અને અંગ્રેજ (૧) ત્રણ કરોડ રૂપીઆ તથા અડધું રાજ્ય અંગ્રેજને આપવું (૨) અંગ્રેજ કેદીઓને છોડી મુકવા (૩) નિઝામ તથા મરેઠાને કેટલોક મુલક આપવો. સરતો પાળતા સુધી ટીપુના કુંવરને અંગ્રેજ છાવણીમાં રાખવા.

(૧૨) હૈદ્રાબાદ–૧૭૯૮ નિઝામ તથા અંગ્રેજ (૧) કંટાજંટ લશ્કર રાખવું (૨) અંગ્રેજ સિવાય બીજી યુરોપીઅન પ્રજાને પોતાના રાજ્યમાં રાખવી નહિ.

(૧૩) હૈદ્રાબાદ–૧૮૦૧ અંગ્રેજ અને નિઝામ (૧) કંટીજંટ લશ્કરના ખર્ચ પેટે બાલાઘાટ પ્રાંત આપવો.

(૧૪) અયોધ્યા–૧૮૦૧ અંગ્રેજ અને નવાબ વચ્ચે (૧) નવાબે અંગ્રેજને વાયવ્ય પ્રાંત આપવો તેને બદલે અંગ્રેજોએ નવાબનું રક્ષણ કરવું.

(૧૫) ભરતપુર–૧૮૦૫ અંગ્રેજ અને ભરતપુરના રાજા વચ્ચે. (૧) હોલ્કર સાથેનો સંબંધ તોડી નાખવો (૨) દીગ તથા ૨૦ લાખ રૂપીઆ અંગ્રેજોને આપવા.

(૧૬) સેગાઉલી–૧૮૧૬ ગુર્ખા અને અંગ્રેજ (૧) ખટમંડુમાં રેસીડંટ રાખવો (૨) સિમલા અંગ્રેજને આપવું (૩) સીકીમના રાજાનો મુલક પાછો આપવો.

(૧૭) પુના—૧૮૧૭ બાજીરાવ અને અંગ્રેજ (૧) અંગ્રેજી સૈન્યના ખર્ચ બદલ કેટલોક મુલક પેશ્વાએ અંગ્રેજને આપવો. (૨) પર રાજાઓના વાંધા અંગ્રેજ મારફત પતવવા.

(૧૮) યાન્દાબો–૧૮૨૬ અંગ્રેજ અને બ્રહ્મીરાજા વચ્ચે (૧) આસામ, આરાકાન અને તીનાસરીમ અંગ્રેજોને આપવા (૨) બ્રહ્મીરાજાએ ખર્ચ બદલ ૧ કરોડ રૂપીઆ અંગ્રેજને આપવા.

(૧૯) લાહોર–૧૮૪૬ અંગ્રેજ અને શીખ વચ્ચે. (૧) સતલજ અને બિઆસ વચ્ચેનો મુલક અંગ્રેજને આપવો (૨) લડાઇના ખર્ચ બદલ દોઢ કરોડ રૂપીઆ આપવા (૩) દુલીપસિંહ મોટી ઉંમરનો થતા સુધી પંચ મારફત કારભાર ચલાવવો.

(૨૦) હૈદ્રાબાદ–૧૮૫૩ નિઝામ અને અંગ્રેજ (૧) અંગ્રેજી સૈન્યના ખર્ચ બદલ વરાડપ્રાંત અંગ્રેજોને આપવો.

(૨૧) રંગુન–૧૮૫૨ બ્રહ્મીરાજા અને અંગ્રેજ (૧) અંગ્રેજ કેદીઓને છોડી મુકવા (૨) પેગુપ્રાંત અંગ્રેજને આપવો.

(૨૨) ગંડામક—૧૮૭૯ અંગ્રેજ અને યાકુબખાન (૧) કાબુલ, કુરમ અને બોલનઘાટ અંગ્રેજોને આપવો. (૨) કાબુલમાં રેસીડન્ટ રાખવો. (૩) પરરાજ્યોના વાંધા અંગ્રેજ મારફત પતાવવા.

અંગ્રેજ સરકારને હિંદમાંથી મળેલા મુલક.

નામ.	સાલ.	કોની પાસેથી.	કેવી રીતે.
મદ્રાસ	૧૬૩૯	ચંદ્રગીરીના રાજા પાસેથી	વેચાણ
મુંબાઈ	૧૬૬૮	ઇંગ્લાંડના રાજા પાસેથી	વેચાણ
બંગાળા, બાહાર, ઓઢીઆ	૧૭૫૬	દિલ્હીના પાદશાહ પાસેથી	બક્ષીસ
મ્હૈસુર	૧૭૯૯	ટીપુ પાસેથી	લડાઇમાં
વાયવ્ય પ્રાંત	૧૮૦૧	અયોધ્યાના નવાબ પાસેથી	લસ્કરના ખર્ચ પેટે.
કર્ણાટક	૧૮૦૧	કર્ણાટકના નવાબ પાસેથી	ખાલસા
બાલાઘાટ	૧૮૦૧	નિઝામ પાસેથી	સલાહમાં
ભરૂચ, પાવાગઢ	૧૮૦૩	સિંધિઆ પાસેથી	લડાઇમાં
સીલોન	૧૮૧૬	વલંદા પાસેથી	સલાહમાં
અમદાવાદ, મહારાષ્ટ્ર	૧૮૧૮	પેશ્વા પાસેથી	ખાલસા
આસામ, આરાકાન, તીનાસરીમ	૧૮૨૬	બ્રહ્મી રાજા પાસેથી	લડાઇમાં
કુર્ગ	૧૮૩૪	રાજ્યના અંધેરથી	ખાલસા
સિંધ	૧૮૪૩	અમીરો પાસેથી	લડાઇમાં
સતારા	૧૮૪૯	બીનવારસી	ખાલસા

પંજાબ	૧૮૪૯	શીખ બીજા વિગ્રહમાં	લડાઇમાં
નાગપુર, ઝાંસી	૧૮૫૩	બીનવારસી	ખાલસા
પેગુ	૧૮૫૩	બીજા બ્રહ્મી વિગ્રહમાં	સલાહમાં
વરાડ	૧૮૫૩	નિઝામ પાસેથી	લશ્કરી ખર્ચ પેટે.
અયોધ્યા	૧૮૫૬	નવાબ પાસેથી અંધેર રાજ્ય વ્યવસ્થાથી	ખાલસા
પંચમહાલ	૧૮૬૧	સિંધિઆ પાસેથી	ઝાંસીના બદલામાં
શુદ્ધ બ્રહ્મદેશ	૧૮૮૬	ત્રીજા બ્રહ્મી વિગ્રહમાં	ખાલસા

મુકાબલા.

ડુપ્લી અને લાલી.

(૧) અંગ્રેજનું મૂળ કાઢવામાં બન્ને સરખા હતા.
(૨) ડુપ્લીએ ફ્રેંચ સત્તા વધારી, લાલીએ બીલકુલ ખોઈ.
(૩) યુદ્ધ કૌશલ્યમાં ડુપ્લી કરતાં લાલી હોંશીઆર હતો.

કલાઇવ અને શિવાજી.

(૧) કલાઇવે અંગ્રેજોનો અને શિવાજીએ મરેઠી રાજ્યનો પાયો નાંખ્યો.
(૨) બંન્ને ઝાઝું ભણેલા નહોતા.
(૩) કલાઇવે અમીચંદને અને શિવાજીએ અફજલખાનને દગો દીધો.

(૪) રાજ્ય સાચવી રાખવામાં બન્ને સરખા હતા.
(૫) બન્નેમાં લશ્કરી ગુણુ સરખા હતા.

ક્લાઇવ અને ડુપ્લે.

(૧) દેશી રાજ્યોની ખટપટ કરવામાં બન્ને સરખા હતા.
(૨) ક્લાઇવના જેવું ડુપ્લેમાં યુદ્ધ કૌશલ્ય નહોતું.
(૩) ક્લાઇવ દેશી લશ્કરનો પ્રેમ મેળવી શક્યો તેમ ડુપ્લે મેળવી શક્યો નહિ.

ક્લાઇવ અને હેસ્ટિંગ્સ.

(૧) ક્લાઇવે અંગ્રેજી રાજ્યનો પાયો નાંખ્યો, તેના ઉપર હેસ્ટિંગ્સે ઇમારત ચણી.
(૨) ક્લાઇવ દેશી રાજ્યો સાથે મિત્રતાથી વર્ત્યો, પણ હેસ્ટિંગ્સે દેશી રાજ્યો પાસેથી ધન મેળવવા જુલમ કર્યો.

વેલેસ્લી અને ડેલહૌસી.

(૧) બન્નેની રાજ્યનીતિ બ્રિટિશ સત્તા વધારવાની હતી.
(૨) વેલેસ્લી કરતાં રાજ્ય સાચવવામાં ડેલહૌસી ચઢીઆતો હતો.
(૩) વેલેસ્લીની રાજ્યનીતિ શાંતીવાળી હતી, પણ ડેલહૌસીની તેવી નહિ હોવાથી બળવો થયો.

બેન્ટીક અને રીપન.

(૧) લોકોનો પ્યાર મેળવવામાં અને રૈયતનું ભલું કરવામાં સરખા હતા.
(૨) કેળવણીનો ફેલાવો કરવામાં બન્ને સરખા હતા.

(૩) દેશી લોકોને મોટા હોદ્દા આપવામાં સરખા હતા.

(૪) હિંદને દેવાના બોજામાંથી ઉગારવાના વિચારવાળા હતા.

(૫) વસુલાત ખાતું સુધારવા તરફ બન્નેનું લક્ષ સરખું હતું.

(૬) બેન્ટિક સારામાં સારો ગવર્નર જનરલ ગણાયો, તેમ રીપન સારામાં સારો વાઇસરાય કહેવાયો.

લીટન અને ડફીન.

(૧) હિંદપર ખર્ચને બોજો નાખવામાં બન્ને સરખા હતા.

(૨) લીટને લાઇસન્સ ટેકસ નાખ્યો ત્યારે બીજે ઇન્કમ ટેકસ નાખ્યો.

(૩) લીટને કૈસરેહિંદ ઉત્સવ કર્યો, તેમ ડફીને જ્યુબીલી મહોત્સવ કર્યો.

(૪) બન્ને કાંઝરવેટીવ પક્ષના હતા.

ટૂંક જીવનચરિત્રો.

ક્લાઇવ—ઇ. સ. ૧૭૨૫ માં જન્મ્યો હતો. સને ૧૭૪૪ માં હિંદમાં આવી વેપારી ખાતામાં દાખલ થયો, પણ અનુકુળ નહિ પડવાથી લશ્કરી ખાતામાં દાખલ થયો. અર્કાટનો ઘેરો ઘલાવી ચંદા સાહેબ વગેરેને હરાવી પ્રખ્યાત થયો. ૧૭૫૭ સીરાઉદ્દૌલાને હરાવી બંગાળામાં અંગ્રેજી સત્તા સ્થાપી. ૧૭૫૫–૧૭૬૬ માં ગવર્નર થયો. ૧૭૬૭ માં વિલાયત ગયો. ત્યાં તેના દુશ્મનોએ લાંચ લીધાનો આરોપ મુકી કામ ચલાવ્યું, તેમાં તે જીત્યો, પણ ૧૭૭૪ માં આપઘાત કરી મરણ પામ્યો.

ડુપ્લી—ઇ. સ. ૧૭૩૧ માં હિંદમાં આવ્યો. તે હોશીઆર હોવાથી પાંડીચેરીનો ગવર્નર થયો, અને નિઝામ તથા કર્ણાટકના રાજાઓનો પક્ષ પકડી અંગ્રેજોને હિંદમાંથી કાઢવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ યુદ્ધ કૌશલ્યમાં હોશીઆર નહિ હોવાથી કલાઇવે તેની ધારણા ધૂળ કરી. તે ૧૭૬૩ માં મરણ પામ્યો.

ચંદા સાહેબ—એ દોસ્તઅલ્લીનો જમાઇ હતો. એને મરેઠાઓએ બંદીખાને નાખ્યો હતો. ત્યાંથી ડુપ્લેએ સાત લાખ રૂપીઆ આપી છોડાવ્યો હતો. ૧૭૫૧ માં નવાબ અનવરૂદ્દીનને અંબુરની લડાઇમાં મારી તેને કર્ણાટકનો નવાબ બનાવ્યો. ચંદાસાહેબે અંગ્રેજોના મિત્ર મહમદઅલ્લીને ત્રિચીનાપલ્લીમાં ઘેર્યો હતો, પણ અંગ્રેજોએ તે ઘેરો ઉઠાવી મહમદઅલ્લીને છોડાવી કર્ણાટકનો નવાબ બનાવ્યો.

નાના ફડનવીસ—એ માધવરાવ પેશ્વાનો કારભારી હતો. જ્યારે પુનાની ગાદી માટે રાઘોબા પ્રયત્ન કરતો હતો, તે વખતે આ પ્રખ્યાત નર માધવરાવના તરફ હતો. એણે ૧૭૯૪ માં ક્રુર્દલાની લડાઇમાં નિઝામને હરાવી પેશ્વાની ગયેલી કીર્તિ પાછી મેળવી. જ્યાં સુધી આ મહાન નર જીવતો હતો ત્યાં સુધી તેણે પેશ્વાઇને પરતંત્રતામાં પડવા દીધી નહિ પણ પડતીમાંથી બચાવી તે ઇ. સ. ૧૮૦૦ માં મરણ પામ્યો, ત્યાર પછી કુસંપ દાખલ થવાથી પેશ્વાઈ સત્તાનો નાશ થયો.

નંદકુમાર—એ જ્ઞાતે બ્રાહ્મણ ને મોટો જાગીરદાર હતો. કૌંસીલના મેમ્બરોની શીખવણીથી વોરનહેસ્ટિંગ્સ ઉપર લાંચ લીધાનું તહોમત મુકી કામ ચલાવ્યું, પણ તેના ઉપર ખોટું ખત બનાવ્યાનું તહોમત આવવાથી ગુનેગાર ઠરાવી ફાંસી દીધી.

લૉર્ડ લેક—ઇ. સ. ૧૮૦૦ માં હિંદમાં સેનાપતિ થયો. તેણે દિલ્હી, લાસવારી અને અસાઈ આગળ વિજય મેળવી સિંધીઆને હરાવ્યો અને મરેઠાના કબજામાંથી બાદશાહ શાહઆલમને છોડવ્યો. ઇ. સ. ૧૮૦૫ માં ભરતપુરનો અજીતગઢ જીતવા સ્વારી કરી, પણ હારીને પાછો આવ્યો. તે ઇ. સ. ૧૮૦૭ માં ઇંગ્લાંડ ગયો.

રૉબર્ટ સેલ—આ સરદાર અફઘાન લડાઇમાં પ્રખ્યાત થયો. તેણે પરવાન આગળ દોસ્તમહમદને અને જલાલાબાદ આગળ અકબરખાનને હરાવ્યો. તે ઇ. સ. ૧૮૪૫ માં મુડકીની લડાઇમાં માર્યો ગયો.

લૉર્ડ ગોફ—એણે સિંધીઆને પનીઆર આગળ તથા શીખ લોકોને ગુજરાતની લડાઇમાં હરાવી નામના મેળવી. વળી ચીનાઓને હરાવી ચીનના બંદરોમાં અંગ્રેજોને વેપાર કરવાની છુટ અપાવી.

અંગ્રેજી રાજ્યથી થએલા ફાયદા.

(૧) લોકોના જાનમાલનું સારી રીતે રક્ષણ થાય છે.

(૨) વિદ્યા વધવાથી સ્વતંત્રતાના વિચાર પેદા થયા, અને પોતાના હક માગવા તૈયાર થયા.

(૩) દેશ ઉપર ઘણો ખર્ચ હોવા છતાં દેશ આબાદ છે.

(૪) રેલવે, તાર, ટપાલ દાખલ થવાથી વેપારને ઉત્તેજન મળ્યું.

(૫) યાંત્રિક કળા તરફ લોકોનું વલણ થયું.

(૬) રાજ્યની શાન્તિને લીધે લોકો દેશ પરદેશ જઇ સારી રીતે વેપાર રોજગાર કરી શકે છે.

મરેઠી રાજ્યની ચઢતીન કારણ.

(૧) એમનું લશ્કર ને ઘોડા કસાએલા હતા.
(૨) ઘોડા ઉપર ઝાઝો સરસામાન નાખતા નહિ તેથી નાસવાનું સુગમ પડતું.
(૩) લશ્કરની ગોઠવણી કરવામાં ચાલાક હતા.
(૪) પહાડી મુલક અને ઘાટોના ભોગીઆ હોવાથી સંતાઇ જવામાં સુગમતા પડતી.
(૫) પ્રસંગ આવે નાશી જવામાં પણ ચુકતા નહિ.
(૬) ધર્માભિમાની તેમજ દગો દેવામાં પણ પાછા પડતા નહિ.
(૭) એશઆરામી, દારૂડીઆ કે વ્યભિચારી નહોતા.
(૮) પોતાની રૈયત ઉપર જુલમ કરતા નહિ.
(૯) મુલકના બંદોબસ્ત ઉપર તથા રૈયતને ઇન્સાફ આપવામાં હોંશીઆર હતા.

મરેઠી રાજ્યની પડતીના કારણો.

(૧) શિવાજી મહારાજ પછીના રાજા દારૂડીઆ અને વ્યભિચારી હતા.
(૨) પોતાનો રાજકારભાર પેશ્વાને સોંપી સત્તા ઘટાડી.
(૩) સરદારોમાં સંપ નહિ હોવાથી માંહોમાંહે વઢયા.
(૪) મરેઠી રાજા અભણ હતા.
(૫) પાછળના રાજાઓમાં દેશાભિમાન નહિ હોવાથી, તથા રાજ્ય લોભથી અંગ્રેજને શરણે ગયા.

રાજકીય પરવાના (પટા).

(૧) ૧૭૭૩માં રેગ્યુલેટીંગ એકટ થયો, આથી કંપનીને રાજસત્તા મળી.

(૨) ૧૭૮૩માં ફોક્સે બીલ મુક્યું, તેમાં કંપનિ વેપાર કરે અને રાજકારભાર પાર્લામેંટ ચલાવે પણ તે નામંજુર થયું.

(૩) ૧૭૮૪માં પીટનું બીલ પાસ થયું; તેથી ડિરેકટરો ઉપર દેખરેખ રાખનાર બૉર્ડ ઑફ કંટ્રોલ નામે સભા નીમાઈ.

(૪) ૧૮૩૩ના ધારાથી કંપનિને વેપાર કરવાની બંધી કરવામાં આવી, અને હિંદ તથા ચીનમાં વેપાર કરવાની બધા અંગ્રેજોને છુટ આપવામાં આવી.

(૫) ૧૮૫૮ના ધારાથી કંપનિનું રાજ્ય ઇંગ્લાંડની રાણીને હાથ આવ્યું.

(૬) ૧૮૬૧ના ધારાથી મુંબાઇ તથા મદ્રાસની કૌંસીલમાં કાયદા બાંધવા માટે દેશી ગૃહસ્થો દાખલ કરવામાં આવ્યા અને સુપ્રીમ કોર્ટને ઠામે હાઇકોર્ટ દાખલ કરી.

(૭) ૧૮૮૩માં ઇલ્બર્ટ બીલ પાસ થયું, તેમાં દેશી જડજો ગોરાઓનો ઈન્સાફ કરે એમ ઠરાવવામાં આવ્યું.

(૮) ૧૯૦૯માં હિંદી પ્રજા રાજવહીવટમાં ભાગ લેતી થાય તે સારૂ ઇલાકા અને મુખ્ય સરકારી કૌંસીલમાં વધારે દેશી સલાહકારો નીમવાનો હક્ક મળ્યો.

હિંદની રાજ્ય વ્યવસ્થાનું ટુંક વર્ણન.

૧૮૫૮માં મહારાણીશ્રી વિક્ટોરીઆના હસ્તકમાં હિંદ આવ્યું, ત્યારથી આ દેશનો રાજ્ય કારોભાર ચલાવવા માટે જે પ્રતિનિધિ મોકલવા માંડયો તે હિંદનો વૉઇસરાય કહેવાય છે. ઇંગ્લાંડમાં હિંદના વહીવટ ઉપર દેખરેખ રાખવા એક સેક્રેટરી અને પંદર સભાસદોની

એક કૌંસીલ નીમી તેને "ઇંડિઆ કૌંસીલ" કહે છે. હિંદી રાજ્ય વહીવટ ચલાવવા વૉઈસરાયના હાથ નીચે એક કૌંસીલ છે તેમાં સેનાપતિ સાથે નવ મેમ્બર નીમાય છે, તેમાં એક દેશી મેમ્બર હોય છે. વૉઇસરાયના હાથ નીચે કાયદા બાંધનારી સભામાં ઉપરના નવ મેમ્બરો ઉપરાંત ૩૫ સરકાર તરફના અને ૨૫ લોકો તરફના મળી કુલ ૭૦ સભાસદો બેસે છે. દેશનો કારોબાર સરળતાથી ચલાવવા માટે દેશના વિભાગ પાડી મુંબાઈ, મદ્રાસ ને બંગાળામાં ગવર્નર નીમે છે. બહાર ને ઓઢીઆ, સંયુક્ત પ્રાંતો, પંજાબ ને બ્રહ્મદેશના ઉપરી હાકેમ તરીકે લેફ્ટેનન્ટ ગવર્નર નીમે છે. આસામ, મધ્યપ્રાંત, સરહદપરના વાયવ્ય પ્રાંત, અજમેર, કુર્ગ, આંદામાન ને બલુચીસ્તાન ઉપર ચીફ કમીસ્નર નીમે છે.

ગવર્નરોના હાથ નીચે વહીવટ કરનારી અને કાયદા બાંધનારી સભાઓ હોય છે. વહીવટ કરનારી કૌંસીલમાં ગવર્નર અને બીજા ત્રણ મેમ્બરો હોય છે. તેમાં એક દેશી હોય છે. કાયદા બાંધનારી સભામાં ઉપરના ત્રણ સિવાય ૨૧ પ્રજાના પ્રતિનિધિ અને બાકીના સરકાર તરફથી નિમાએલા મળી કુલ ૪૮ સભાસદો હોય છે. તે બધાઓ બબે વરસે બદલાય છે. લેફ્ટેનન્ટ ગવર્નરોને પણ ઉપરના જેવી બન્ને સભાઓ હોય છે. એ કૌંસીલોની સલાહ પ્રમાણે દરેક પોત પોતાના તાબાના મુલકનો વહીવટ કરે છે. ચીફ કમીશનરોને આવી કૌંસીલો હોતી નથી. દરેક ઇલાકામાં પ્રાંતો હોય છે. એ પ્રાંતોના ભાગને જિલ્લા અને જીલ્લાના ભાગને તાલુકા કહે છે. પ્રાંતના ઉપરીને કમીસ્નર, જિલ્લાના ઉપરીને કલેકટર અને તાલુકાના ઉપરીને મામલતદાર કહે છે. તે અધિકારીઓને વસુલાતખાતા ઉપરાંત ફોજદારી ગુના સાંભળવાનો પણ અધિકાર હોય છે.

કલેક્ટરોને મદદ કરવા માટે આસિ. કલેક્ટરો અને ડેપ્યુટી કલેક્ટરો હોય છે.

દેશનો બંદોબસ્ત રાખવા માટે પોલીશખાતું સ્થાપેલું છે. જિલ્લાના ઉપરીને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ કહે છે. એના હાથ નીચે પોલીસ ઇન્સ્પેકટરો અને તેના હાથ નીચે પોલીસ સબઇન્સ્પેકટરો હોય છે. તેઓ દેશમાં ચોરી, ખુન, ધાડ વગેરે ગુના અટકાવી દેશમાં સલાહ-શાન્તિ સાચવે છે. ગુનેગારોને પકડી ન્યાય માટે માજીસ્ટ્રેટોને સોંપે છે. ઇલાકાના પોલીસ અધિકારીને પોલીસ કમીશ્નર કહે છે.

દરેક ઇલાકામાં ન્યાયખાતાનો વહીવટ ચલાવવા માટે હાઇ કોર્ટ સ્થાપવામાં આવી છે. હાઇકોર્ટના જડજોમાં દેશી જડજો પણ હોય છે. જડજોના તાબામાં જિલ્લા જડજો અને તેમના તાબામાં સબજડજો કે મુન્સફો હોય છે. સબજડજોના ઇન્સાફથી નારાજ થએલા અનુક્રમે જિલ્લા જડજ અને હાઇકોર્ટમાં અપીલ કરે છે. હાઇકોર્ટ ઉપરની કે ગવર્નમેન્ટ ઉપરની અપીલ પ્રીવી કૌંસીલમાં કે હિંદી સેક્રેટરીને ત્યાં થાય છે.

લૉર્ડ રિપનના સમયથી લોકો રાજકાજમાં ભાગ લેતા થાય એ શુભ ઉદ્દેશથી લોકલબોર્ડ અને મ્યુનિસિપાલિટીના હક બક્ષી લોકોને માહીતગાર કર્યા, અને હાલ ધીમે ધીમે છુટ આપી ગવર્નર અને વૉઇસરાયની કૌંસીલમાં પણ લોક પ્રતિનિધિ તત્વ દાખલ કર્યું છે. આથી રાજ્ય તરફની પ્રજાની વફાદારી દૃઢ થઇ છે.

તાબાના દેશી રાજ્યો પર દેખરેખ રાખવાનો પણ બંદોબસ્ત કરેલો છે. હૈદરાબાદ, કાશ્મિર, વડોદરા, ગ્વાલિયર ને મહિસુર વૉઇસરાયની સીધી દેખરેખ નીચે છે. તેના ઉપરી અધિકારીને રેસિડંટ કહે છે.

કેટલાક રાજ્યોપર ગર્વનર દેખરેખ રાખે છે. તેમના તરફથી નીમવામાં આવેલા અધિકારીને એજંટ ટુ ધી ગર્વનર કહે છે. જીલ્લાની હદમાં આવેલાં નાનાં રાજ્યોની દેખરેખ કલેકટર રાખે છે, અને તે તે સંસ્થાનનો પોલિટીકલ એજંટ કહેવાય છે.

અંગ્રેજી રાજ્ય બંધારણના ખર્ચ નિભાવ માટે સરકાર જુદી જુદી રીતે ઉપજ લે છે. એ ઉપજ જમીનવેરો, રેલવે, જકાત, આબકારી, અફીણ, મીઠું, નહેરો, સ્ટાંપ, જંગલખાતું, ટપાલ, ટંકશાળ, રેલવે, તાર, નહેરો વગેરે ખાતાં સ્થાપેલાં છે. ઉપજ કરતાં વધારે ખર્ચ કરવાનું હોય તો સરકાર કરજે નાણાં લે છે; અને ધીરનારાઓને વ્યાજ આપે છે. ઉપજમાંથી જે ખર્ચ થાય છે તેમાં લશ્કર, રેલવે, પોલીસ, વહીવટખાતું, ઉધરાતખાતું, નહેરો, ટપાલ, તાર, ટંકશાળ, ન્યાય વગેરે ખાતાં ચાલે છે. દુઃકાળની આપત્તિ બચાવવા માટે દર વરસે ઉપજમાંથી દોઢ કરોડ રૂપીઆ અનામત રાખવામાં આવે છે. હિંદના અંગ્રેજ રાજ્યનું વાર્ષિક આવક લગભગ એક અબજ રૂપીઆ છે, અને ખર્ચ પણ લગભગ તેટલું જ છે.

લડાઈઓ.

સ્થળ.	સાલ.	કોની કોની વચ્ચે	પરિણામ.
ડભોઈ	૧૭૩૪	બાજીરાવ પેશ્વાએ	ત્રિંબકરાવને હરા૦
ભોપાળ	૧૭૩૬	,,	નિઝામને હરાવ્યો
અંબુર (૧)	૧૭૪૧	મરેઠાએ	કર્ણા૦ નવાબ દોસ્તઅલીને માર્યો.
મદ્રાસ	૧૭૪૬	ફ્રેંચોએ	કર્ણા૦ નવાબને હરાવ્યો.

અંબુર (૨)	૧૭૫૦	ડુપ્લીએ	નવાબ અનવરૂદીનને હરા.
અર્કોટ આર્નો }	૧૭૫૧	કલાઇવે	રાજા સાહેબને હરાવ્યો
કાવરેપાક	૧૭૫૨	,,	,,
બાહુર	૧૭૫૨	મેજર લારેન્સે	ફ્રેંચોને હરાવ્યા
પ્લાસી	૧૭૫૭	કલાઇવે	નવાબ સુરાજ દૌલાને હરા૦
ચીન્સુરા	૧૭૫૯	કર્ન૦ ફોર્ડે	વલંદાને હરાવ્યા
વાંદેવાસ	૧૭૬૦	સર કૂટે	લાલી તથા બુસીને હરા૦
ઉદગીર	૧૭૬૦	સદાશીવ ભાઉએ	નિઝામને હરાવ્યો
પટણા (૧)	૧૭૬૧	મેજર કર્નાક	બાદ૦ શાહઆલમને હરા૦
ઘેરીઆ	૧૭૬૩	મિસ્ટર આદમ્સે	મીરકાસમને હરાવ્યો
પટણા (૨)	૧૭૬૪	કર્નાકે	મીરકાસમ, શાહઆલમને તથા સુજાઉદદૌલાને હરાવ્યા
બક્સર (૨)	૧૭૬૪	મેજર મનરોએ	ઉપરના ત્રણેને હરાવ્યા.
ચંગામ, ત્રિનોમાલી, અંબુર }	૧૭૬૭	કર્નલ સ્મીથ	હૈદરને હરાવ્યો
ચેરકુલી	૧૭૭૨	માધવરાવે	હૈદરને હરાવ્યો
પોલીલોર	૧૭૮૦	હૈદરે	કર્ન૦ બેલીને હરાવ્યો
ચીલામબ્રમ	૧૭૮૧	હૈદરે	સર આયરકૂટને હરાવ્યો
પોર્ટોનોવો પોલીલોર(૨) શોલીંગર }	૧૭૮૧	સર આયરકૂટે	હૈદરને હરાવ્યો

શીમોગા અરીકેરા	૧૭૯૧	કાર્નવાલીસે	ટીપુને હરાવ્યો
કુર્દલા	૧૭૯૫	મરેઠાએ	નિઝામને હરાવ્યો
માલવેલી સદાશીર શ્રીરંગપટ્ટણ	૧૭૯૯	અંગ્રેજોએ	ટીપુને હરાવ્યો
પુના	૧૮૦૧	જશવંતરાવ હોલ્કરે	પેશ્વાને હરાવ્યો.
અસાઇ	૧૮૦૩	જન૦ વેલેસ્લીએ	સિંધિઆ તથા ભોંસલેને હરાવ્યા.
દિલ્હી લાસવારી	૧૮૦૩	લૉર્ડ લેક	સિંધિઆને હરાવ્યો.
આરગામ	૧૮૦૩	જન૦ વેલેસ્લીએ	સિંધિઆ તથા ભોંસલેને હરાવ્યા.
દિગ	૧૮૦૪	ફ્રેજર તથા મોન્સને	હોલકરને હરાવ્યો.
ફરૂકાબાદ	૧૮૦૪	લૉર્ડ લેક	હોલકરને હરાવ્યો.
ભરતપુર	૧૮૦૫	લૉર્ડ લેક	ઘેરો ઘાલ્યો પણ જીતાયું નહિ.
મલુન	૧૮૧૫	જન૦ ઓક્ટરલોનીએ	ગુર્ખાને હરાવ્યા.
મકવાનપુર હરિહરપુર	૧૮૧૬	,,	
ખડકી કોરેગામ આસ્ટે	૧૮૧૭	અંગ્રેજોએ	બાજીરાવ પેશ્વાને હરાવ્યો.
રંગુન	૧૮૨૪	કેમ્પબેલે	બ્રહ્મીઓને હરાવ્યા.

પ્રોમ પેગામ	૧૮૨૫		,,
ભરતપુર (૨)	૧૮૨૭	લોર્ડ કોમ્બરમીયરે	ગઢ જીત્યો
પરવાન	૧૮૩૭	રોબર્ટ સેલે	દોસ્તમહમદને હરાવ્યો
કંદહાર	૧૮૪૨	જન૦ નોટે	અફઘાનોને હરાવ્યા
મીયાની હૈદરાબાદ	૧૮૪૩	નેપીયરે	સિંધના અમીરોને હરાવ્યા
મહારાજપુર પનીઆર	૧૮૪૩	લોર્ડ ગોફ અને જન૦ ગ્રે સાહેબે	સિંધિઆને હરાવ્યો.
મુડકી ફીરોજપુર	૧૮૪૫	અંગ્રેજોએ	શીખ લોકોને હરાવ્યા
અલીવાલ સોબ્રાઓન	૧૮૪૬	,,	,,
કીનેરી સદુસેન રામનગર	૧૮૪૮	,,	,,
ચીલીઆનવાલા	૧૮૪૯	શીખ અને અંગ્રેજ	તેમાં અંગ્રેજને નુકશાન થયું
ગુજરાત	૧૮૪૯	લોર્ડ ગોફે	શેરસીંગને હરાવ્યો
રંગુન પેગુ	૧૮૫૨	જન૦ ગોડવીને	બ્રહ્મીઓને હરાવ્યા
કંતાન	૧૮૫૭	અંગ્રેજોએ	ચીનાઓને હરાવ્યા
ભુતાન	૧૮૬૪	અંગ્રેજોએ	ભુતાનના રાજાને હરાવ્યો
મવંદ	૧૮૮૦	જન૦ રોબર્ટે	અફઘાનોને હરાવ્યા.

માંડલેજ મીનલાગઢ	૧૮૮૫	અંગ્રેજોએ	બ્રહ્મીઓને હરાવ્યા.
લીંગટું નેટાંગ	૧૮૮૮	અંગ્રેજોએ	તિબેટના રાજાને હરાવ્યો.
મણીપુર	૧૮૯૧	જન૦ ગ્રેહાગે	મણીપુરના રાજાને હરા૦
મુંબાઈ	૧૮૯૩	હિંદુ મુસલમાન વચ્ચે હુલ્લડ થયું.	તેમાં અંગ્રેજોએ બન્ને પક્ષને નરમ પાડયા.